# નવરાત્રીમાં ગવાતા છંદો.



કીમત ત્રણ આના

કરાચી બંદર રોડ ઉપર આવેલા "મનોહર પ્રેસ"માં
નરભેશંકર જગજીવન દવેએ છાપી પ્રસિદ્ધ કર્યા.

# અનુક્રમણિકા.

# નવરાત્રિમાં ગવાતા છંદો.

## (૧) અંબા અલબેલીનો છંદ.

પ્રથમ ગણુપતીને નામું શીશ રે અંબા અલબેલી.
શુખબુધ મુને આપો ઇશ રે અંબા અલબેલી.
શારદાજી થાજો સ્હાય રે. અંબા૦
ગુણ ગાઉં હું બેચર માય રે. અંબા૦
મુને આસરો એક તમારો રે. અંબા૦
ભવજળથી પાર ઉતારો રે. અંબા૦
તમારો શેષ ન પામે પાર રે. અંબા૦
અવીનાશી આનંદ અપાર રે. અંબા૦
બ્રહ્મા વેદ વખાણે નીરધાર રે. અંબા૦
શું વખાણું વારંવાર રે. અંબા૦
તમારી અકળ કળા ગત ન્યારી રે. અંબા૦
નવ જાણે મુની બ્રહ્મચારી રે. અંબા૦
બાળી બહુ રૂપ રંગે બીરાજે રે. અંબા૦
સેવકના શીર પર છાજે રે. અંબા૦
કહું નખ શીખ શોભા માની રે. અંબા૦
શુભ ગૌરી ગોરે વાન રે. અંબા૦
શીશ ગરબે ઘૂઘરમાળ રે. અંબા૦
હીંઢાણી ઝાકઝમાલ રે. અંબા૦
માંહી દીપક અરૂણુની જોત રે. અંબા૦
મુખે હીરલા અધુરા દંત રે. અંબા૦
માએ બાંધી છે વેણી ત્રવેણી રે૦ અંબા૦

આંજી આંખડી મરગા નેણી રે. અંબા૦
કીધી કુમકુમ કેસરની આડ રે. અંબા૦
હીરે ચાંદલો નવલો જડા રે. અંબા૦
ભર્યો સેંથામાં સીંદુર રે. અંબા૦
જોઉં અંગની આઠો પોર રે. અંબા૦
નથડીમાં નીર્મલ મોતી રે. અંબા૦
શાંહી દીપક અરૂણની જોતી રે. અંબા૦
માના અધર દંત પરવાળી રે. અંબા૦
મંગળ રૂપે થયાં મહાકાળી રે. અંબા૦
કાને કુંડળ ઝબુકે ઝાલ રે. અંબા૦
ગોરાં ગહીયાં પડે છે ગાલ રે. અંબા૦
કંઠે માળા મોતીની ઘાલી રે. અંબા૦
શોભે હીરાં તે ચૌચર બાળી રે. અંબા૦
કંચુકી ભરી પટવાળી રે. અંબા૦
સોના આડી સોહે બહુ સારી રે. અંબા૦
ચોળી ચંપકવરણી અંગે રે. અંબા૦
માને ચોસઠ જોગણીના સંગેરે રે. અંબા૦
બાજુબંધ ને ચુડી ઝળકે રે. અંબા૦
હીંચ લેતાં હુલરડી ખળકે રે. અંબા૦
પોંચીઉંએ લીધા વાદ રે. અંબા૦
કટી મેખળા ઝીણે સાદ રે. અંબા૦
વીંટી આરસી ઘુઘરીઆળી રે. અંબા૦

માની લટકે વાગે તળી રે. અંબા૦
વેઢ વાંકડા ને અંગેઠી રે. અંબા૦
મા અમૃત લેહરે ત્રૂઠી રે. અંબા૦
પાયે ઝાંઝરનો ઝમકાર રે. અંબા૦
થૈ રહ્યો છે થૈ થૈકાર રે. અંબા૦
કાંબી કડલાં ને લંઘર લેર રે. અંબા૦
માતા રાસ રમે છે બહુ પેર રે. અંબા૦
માની જુગતી જોયા જેવી રે. અંબા૦
વિષ્નુ રૂદ્ર બ્રહ્માદિકે સેવી રે. અંબા૦
રચ્યો આનંદ વનમાં રાસ રે. અંબા૦
લીલા અખંડ વીહારી અવીનાશ રે૦ અંબા૦
રમે તેવ તેવડી જોગમાયા રે. અંબા૦
જોવા દેવ મુની લલચાયા રે. અંબા૦
વાજે તાલ મૃદંગને ડાક રે. અંબા૦
ભમે ભૈરવ મારે હાક રે. અંબા૦
પગ પ્રહારે ધરણી ગાજે રે. અંબા૦
તેનો શબ્દ બ્રહ્માંડમાં ગાજે રે. અંબા૦
નારદજી તુંબર વાય રે. અંબા૦
વેદ ચારે મળીને ગુણ ગાય રે. અંબા૦
અંબા આગળ કાનજી નાચે રે. અંબા૦
તીઆં રંગ ઘણેરો માચે રે. અંબા૦
રમે ગાયે ને કરે કલ્લોલ રે. અંબા૦

થઇ રહ્યા છે ઝાકમઝોલ રે० અંબા०
બોલે બહુ વીધ રૂડા છંદ રે, અંબા०
શોભે સોળ કળાનો ચંદ રે. અંબા०
શેશ ન લીએ લીલાનો પાર રે. અંબા०
ગાતાં પાવન થાય નરનાર રે. અંબા०
માની શોભા તણો નહીં પાર રે. અંબા०
કવી શું કહે વારંવાર રે. અંબા०
સંક્ષેપે વખાણીને ગાય રે. અંબા०
એ તો અખંડ પદમાં જાય રે. અંબા०
માજી નથી અવરની આશ રે. અંબા०
મુને રાખજો ચરણની પાશ રે. અંબા०
ગાય શીવરામ દાસ તમારો રે. અંબા०
ભવજલથી પાર ઉતારો રે. અંબા०
ગાયો સંવત અઢાર બાવીશ રે અંબા०
નામ લૈને નામું શીશ રે અંબા०
આશો માસને બીજ અજવાળી રે. અંબા०
સોમવારે થયાં [illegible] કાળી રે. અંબા०

## (૨) શણગારનો ગરબો.

[illegible]થમ પુજું ગણપતીને, [illegible]મરૂં શારદા માય,
રમવા નીસર્યાં મા.
[illegible]બેલી ઇચ્છા કરીને, ગ[illegible] ગવા જાય. રમવા.
[illegible]ચરબાળા સુંદરીરે [illegible] શણગાર. રમવા.

કંચન પેર્યો ભાયેનો, માંહી ખુબ ભર્યો છે ખેલ. રમવા.
સુંદર સાળુ ઓઢણીરે, સરસ બની છે છાપ રમવા.
નીલા તે ગજનો કંચવો ને કસબ ભર્યો છે તાર. રમવા.
પાયે પીરોજણુ રણઝણે ને ઝાંઝરનો ઝમકાર રમવા.
કાંબી ને કડલાં ઠમ ઠમે ને ઘુઘરા ઘમ ઘમ થાય. રમવા.
અણુવટ વીછીઆ શોભતા ને મેખલા ઝીણે સાદ. રમવા.
હાથે તે ઝલકે હેમની ને ચીપારી છે બાંય. રમવા.
કરમાં ઝબુકે કાંકણી ને કાંડે હાણા ચાર રમવા.
બાંયે બાજોબંધ બેરખા ને પોંચીયું લટકે હાથ રમવા.
અંગોઠડી ને આરસી ને, જોતાં પોંચે કોડ. રમવા.
ગલે ગલેબંધ બાંધીયા ને ચોસરો ચંદનહાર રમવા.
પરવાળાની પાસરે રે, મુકતાફળની માળ. રમવા.
ઝાઝાં તે દીસે ઝુમણાં ને કાને કરણી ફુલ. રમવા.
હીરા માણુક મણી મોગરા ને, રતન ઝબુકે અમુલ. રમવા.
હિરી ચડાવી હામની, સરબંધ સરખી કોર. રમવા.
નયણે તે કાજળ સારીયાં ને કેસર વરણી આડ. રમવા.
ત્રસેથીઉં ને ટીલડી ને, નાકે નમણો મોર. રમવા.
દાંત તે છે દાડમ કળી ને બહુ રંગ રાતા ચોળ. રમવા.
મુખની શોભા શું કહું ને જાણે શશીયલ ઉગ્યા સૂર. ર.
સાતે તે ઉગ્યા સામટા ને તેથી અદકું નુર. રમવા.
વેણી ગુંથી વીવેક શું ને, તરત ભર્યાં છે તેલ. રમવા.
અત્તર બેંકે અતી ઘણું, માંહે ફેરૂં દીએ છે ફુલેલ. ર.

સેંથે તે સીંદુર સારીયાં ને દરપણ લીધું હાથ. રમવા.
સજી શણગાર ઉભાં રહ્યાં ને શોભાનો નહિ પાર. રમવા.
સોનાનો ગરબો શીર ધર્યો ને રમતાં વાધ્યો રંગ રમવા.
શંખલપુરના ચોકમાં ને ચોસઠ બેની સંગ. રમવા.
ફરે ફરે ને ફુદડી, ને માતા મંગળ ગાય રમવા.
મુખથી મીઠું ઓગરે ને ઉડે ઉડે પ્રેમ શાય. રમવા.
છત્રીસે જંત્ર નાદમાં ને ખુબ બન્યો છે ખેલ. રમવા.
ઢોલ નગારાં વાજીયાં ને શરણાયુંના શોર. રમવા.
તાલ ને મરદંગ વાજીયાં ને, જંત્રતણા મનહોર રમવા.
નવરાત્રીયાં માતે રમ્યાં ને ગમતાં કીધાં તન. રમવા.
દશરાને દીન પારણાં ને હોમ કીધાં હુવન. રમવા.
રમી જમીને ચાલીયાં ને દેવી ગયાં દરબાર. રમવા.
બહુચર ગુણવંત ગાવતાં ને સુખ પામે સંસાર. રમવા.
માગ્યાં તે પૂરણ માન દે, ને દીન દા'ડે પરીવાર રમવા.
સંવત સતર ત્રીસે તરે ને રૂડો ચૈતર માસ. રમવા.
તિથી અજવાળી ત્રીજ છે ને, લખીયો છે ગુરૂવાર રમવા.
ગાયે શીખે ને સાંભળે તેની અંબા પૂરે આશ. રમવા.
વલ્લભ ધોળો ગાય છે રે અંબા તણો આધાર રમવા.

## (૩) આશાપુરાનો ગરબો.

માજી સરસત સ્વામીને વીનવું જીરે, માજી ગણપત લાગું પાય.
માત આશાપુરા ગરબે રમો જીરે
દેવરે દુંદાળાને વીનવું જીરે, જેને જોયે મોદકનો અહાર.

માને રીખ સીધ શોભા અતી ઘણી જીરે,
માતું સુખડાંની દાતાર. મા૦
શણુગાર પેર્યા માયે શોભતા જીરે,
તે તો મુખથકી વર્ણવ્યા ન જાય. મા૦
માને સમા ત્રવેણી વેણી શોભતી જીરે,
એવો સુંદર ગોફણાનો હાર. મા૦
માને નૈણે તે કાજળ સારીયાં જીરે,
માયે કીધી કેસરની આડ મા૦
માને લલાટે ચાંદલો શોભતો જીરે,
જાણે ઇંદુ પ્રગટયો આકાશ મા૦
માને કાંબીને કડલાં શોભતાં જીરે.
માને ઝાંઝરને ઝમકાર, મા૦
માને પાયે તે અણુવટ વીછીઆ જીરે,
માને ઘુઘરા ઘમઘમ થાય. મા૦
માને બાંયે બાજુબંધ બેરખા જીરે,
માને દશે આંગળીએ વેઢ. મા૦
માએ કનકનો ગરબો શીર ધર્યો જીરે,
માજી આવીલાં ચાચર ચોક મા૦
માની ચોસઠ બેની મળી સામટી જીરે,
માએ માંડીલો નૌતમ રાસ. મા૦
માને બ્રહ્મા ને વીષ્નુ જોવા આવીઆ જીરે,
આવ્યા કૈલાસથી મહાદેવ. મા૦

માને ઇંદ્ર ઇંદ્રાણી જોવા આવીયાં જીરે,
આવ્યા સ્વર્ગ થકી સર્વ દેવ. માત૦
ત્યાં ગાંધર્વ ગાન કરે ઘણાં જીરે,
ત્યાં નારદ તુંબર વાય. માત૦
ત્યાં જય જય સર્વ દેવ એ ચરે જીરે.
ત્યાં પુષ્પની વૃષ્ટિ થાય. માત૦
ગાયો સંવત અઢાર સાડત્રીશે જીરે.
એવો ઉત્તમ આસો માસ. માત૦
માજી ગાય શીખે ને સાંભળે જીરે
તેનો વૈકુંઠ હોજો વાસ. માત.
તિથ તે ત્રીજ ને વાર રવી જીરે,
એવો ગાયો તે શીવરામદાસ. માત૦

## (૪) બાળા ત્રીપુરારિનો ગરબો

લળી લળીને નામું શીશરે બાળા ત્રીપુરારી.
તમે અનેક ભુવનનાં ઈશરે. બાળા૦
તમ વીના બીજો વીવાદરે. બાળા૦
તમ વીના સુનો સંસારરે, બાળા૦
પ્રથમ લીધું પારવતીનું રૂપરે. બાળા૦
તમે નચાવ્યા શંકર ભૂપરે. બાળા૦
રાધા રૂપ ધરી કૃષ્ણને રમાડયારે. બાળા૦
શરદ રાતે તે મોહ પમાડયારે. બાળા૦
તું તો વેદ પુરાણથી ન્યારીરે. બાળા૦

તમને જાણે મુની બ્રહ્મચારીરે. બાળા૦
શુક સનકાદીકની વાણીરે. બાળા૦
ઇંદ્ર પાસે થયાં ઇંદ્રાણીરે. બાળા૦
તમે પરીબ્રહ્મની પટરાણીરે બાળા૦
હાથ છડી ને મુખ મધુપાનરે બાળા.
વેદ ચારેનું કરો જ્ઞાનરે બાળા.
તમે માર્યો મહીષાસુર ભૂપરે. બાળા.
મધુકૈટભ મરડીને માર્યોરે. બાળા.
બીજા દૈતોનો આણ્યો કાળરે. બાળા.
તમે માર્યો શુંભાસુર ભૂપરે. બાળા.
તમને નમે મોટા મોટા ભૂપરે. બાળા.
ગાય શીવરામ દાસ તમારોરે. બાળા.
ભવજલથી પાર ઉતારોરે બાળા.
ગાયો સવંત અઢાર બાવીશરે. બાળા.
નામ લૈને નામું શીશરે. બાળા.
આશો માસ ને બીજ અજવાળીરે. બાળા૦
સોમવારે થયાં સાદ્ય કાળીરે. બાળા૦

## (૫) મારૂપતીનો છંદ.

સરસત ગણપત નામું શીશ કે, કર જોડીને કહું રે લોલ.
બેચર મા વાણીનાં દાતાર કે, શરણું તમારે છઉં રે લોલ૦
ગુણ ગાવાને હરખે મન કે, બેચર માજી તણા રે૦
આદિ ને અંત મધ્યે તું એક કે, અસુર સંહાર્યા ઘણા રે૦

માજી સાચી સત્ય સ્વરૂપ કે, તું કલીકાલમાં રે૦
માજી અનેક ઓધાર્યા ભક્ત, વસો છો ચુવાલમાં રે૦
ગરવા ગીરિથી ઉતર્યાં માત, સેવકને કારણે રે૦
મા તું સીધ સીધની દાતાર જાઉં હું વારણે રે૦
પાટણ દેશ તણો રાજન કે, વનમાં તે રે ગયો રે૦
આ તે અન્ય પૂછી કુશળની વાત કે, મારૂ રાય ભેળો થયો રે૦
મળીયા બે પૃથ્વીના ભૂપ કે, પાટણ આવીયા રે૦
બે રાજાને નહીં સંતાન કે, વચન ઉચારીયાં રે૦
જો હોય પુત્ર પુત્રી સંતાન કે, આપણે બે સગા થઈએ રે૦
તે દીન દેખાડે ભગવાન કે, લવ પૂરે રે લઈયે રે૦
એમ મળીને બાંધી વાત કે, બેય જણ ઘેરે ગયા રે૦
બે ઘેર નારીને ઓધાન કે, દીન પૂરા રે થીયા રે૦
બે ઘેરે પુત્રી આવી ત્યાંય કે, સગપણ નવ થયું રે૦
મારૂ દેશ તણો રાજન, કપટ તેણે આદર્યું રે૦
કાગળ કૂડો લખીઓ ત્યાંય કે, પુત્રીનો પુત્ર કર્યો રે૦
તે તો શકયો નહી મન માંહ્ય કે, વીવા આદર્યો રે૦
પ્રીતે પરણાવ્યાં બે બાળ કે, મંદીર આવીયાં રે૦
ખડગ મેલ્યું વચ્ચે ચોધાર કે, સેજ શરણે થયાં રે૦
બાળી તેં બાળ્યો અવતાર કે, આ દુઃખ કેને કહીયે રે૦
જેવી હું તેવો ભરથાર કે, મનમાં સમજીએ રે૦
પુત્રીએ લખ્યો પીયરમાં પત્ર, પીતાજી આ શું રે કર્યું રે૦
હવે કાંઈ આણો એનો અંત કે, સુખ સઘળું હર્યું રે૦

પુત્રી તેડી પોતાને ઘેર, જમાઇને નોતર્યો રે૦
મારવાડી સુંઓ છે સરદાર કે. લક્ષ ઘોડે ચડયો રે૦
તે આવ્યો પુર પાટણ માંહ્ય કે, આવી ઉતારો કર્યો રે૦
સસરે નાવા મેલ્યાં નીર, બાન્નેડ ઢાળ્યા બારણે રે૦
નાતાં નીરખશું નીરધાર, પુરૂષને પરખશું રે૦
જોશું જમાઇમાં કૂડ, તો મારી નાંખશું રે૦
એવો બાંધીને પરપંચ કે, ચાકર ચલાવીઓ રે૦
ઉઠો તમે મારૂપતી ભોપાલ કે, ભોજન સમે થયો રે૦
મારૂપતી બોલ્યો મુખથી વાણ કે, પરધાન સાંભલો રે૦
આજ મારે તજવાં છે કાંઇ પ્રાણ, કટક તમને ભળે રે૦
હું છઉં નારીને સ્વરૂપ, ઓળખશે આપણું રે૦
કામદાર કે' કરજો મુને જાણ કે, જય રે જાઓ તમે રે૦
ચાલ્યા મારૂપતી ભોપળ કે, સસરાને ઘીરે ગયા રે૦
ઉઠો તમે મારૂ તણા રાજન, ઉતારો લુગડાં રે૦
બુંબ પડી પુર પાટણ માંહ્ય કે. સઉ ઘોડે ચડયું રે૦
મારૂપતી નાઠો તેણીવાર, પહોંચ્યો ચુવાલમાં રે૦
જયાં બીરાજે બૈચર માત, સાચી કલીકાલમાં રે૦
મનમાં સમર્યા બહુચર માત કે, શરણ તમારે છઉં રે૦
માજી નહીં રાખો જો લાજ તો, જીવતો નહીં જઉં રે૦
માજી તમે નિરધનીયાનાં ધન કે, જાઉં હું વારણે રે૦
માજી તમે વાંજીયાને આપો બાલ, બંધાવો પારણાં રે૦
મારૂપતી ઘોડીનો અસવાર, સાથે એક કૂતરી રે૦

માન સરોવર માની જાલ, બેઠો ઉતારો કરી રે૦
માન સરોવર પીતાં નીર કે, કુત્રાંનો કુત્રો થયો રે૦
નીર છાંટયું ઘોડીને શરીર, પ્રત્યક્ષ ઘોડો રે થયો રે૦
મારૂપતી ના'યો તેણીવાર, કે અસ્ત્રીમાંથી પુરૂષ થયો રે૦
ઠરાવ્યું રાજશલંક એવું નામ. કે માતજી પ્રસન્ન થયાં રે૦
દીધો શંખનપુરનો રાય કે, સુખ પામ્યો રે ઘણું રે૦
ચણાવ્યું આદિ સ્થાનક અતિ ધામ. કે કાચા કેલનું રે૦
માજી પુરૂષ તણું પીયર કે. તુજ વીના કોઇએ નથી રે૦
ત્યાંથી ઘોડે થૈ અસવાર કે, સસરાને ઘીરે ગયો રે૦
સસરે ઝાઝાં દીધાં માન કે, જોઇ જમાઇને રે૦
પ્રેમે આરોગ્યાં ભોજન કે, સગપણ સાહીને રે૦
ત્યાંથી ચાલ્યો મારૂપતી રાય કે. પોંચ્યો પુરમાં રે૦
જઇને લાગ્યો પિતાને પાય કે.. હેત ઘણું ઉરમાં રે૦
માતાએ રાખ્યો તમારો વંશ કે આશીશ મુને દીઓ રે૦
નારી તેડીને નરપત કે, શંખનપુર ગયો રે૦
માજી તારી શોભા તણો નહીં પાર કે, શું વખાણે કવિ રે૦
વાજે નિત નિત નોબત સાર કે, ભાંતે નવી નવી રે૦
માજી ભક્ત તણા પ્રતીપાલ કે, કરૂણા કીજીએ રે૦
માજી તારા ગુણ ગાય ભટ દેવરામ કે, દરશન દીજીએ રે૦

## (૬) નવલીલા.

વાલો નત નત નવલી લીલા કરે રે લોલ
વાલો જુવતીના જુથની સાથે રમે રે લોલ

વાલો રમે જમે ને કરે વાતડી રે લોલ.
નવ જાણે દીવસ ને રાતડી રે લોલ.
સુંદર વનરાતેવન રળીયામણું રે લોલ.
સુંદર જમનાનાં નીર સોહામણાં રે લોલ.
આછી છાયા કદંબ કેરા પાનની રે લોલ.
મળી બેઠાં મહારાજ સંગે માનની રે લોલ.
તેવ તેવડી ને સર્વ છે સરીખડી રે લોલ.
તેમાં વહાલી કુંવરી તે વૃષભાનની રે લોલ.
તેને જોવા મળી જુવતી સહુ રે લોલ.
કહાન કાળા ને રાધિકા ગોરાં બહુ રે લોલ.
સામ સામા બેસીને સોગઠે રમે રે૦
જે કોઇ હારે તે પાય લાગી રહે રે૦
લીલી પીળી તે સોગઠી રાધા તણી રે૦
કાળી રાતી તે સોગઠી પ્રભુ તણી રે૦
એવા બંધ બાંધીને પાસા નાખીયા રે
પ્રથમ પાસા ઢાળ્યા છે શ્યામ સુંદરી રે૦
પડયા પંદર સત્તર ને પોબારના રે૦
પછી સાત પાંચ અને કચા બારના રે૦
પાછી પાસા તે પ્રભુએ ચલાવીયા રે૦
નાંખ્યા નાથે ને દાવલા ન આવીયા રે૦
પડયો છકો પંજો ને દાણા ચારનો રે૦
પછી સાત પાંચ ને કચા બારનો રે૦

રંગે રમતાં તે રાધિકાજી જીતીયાં રે૦
ચાર સોગઠાં તે પ્રભુનાં કાચાં રહ્યાં રે૦
પ્રભુ પાય લાગો ને અમને નમી રે૦
જા જાને ધુતારી તું તો ચોરટી રે૦
મન હરાવીને મુજને હરાવીયો રે.
તેથી હાવ તે સરખો ન આવીયો રે૦
પ્રભુ રીસ તે આવડી ન કીજીયે રે૦
પંડે હારતાં બીજા પરે ન ખીજીયે રે૦
પ્રભુ પાસા નથી તે કોના હાથમાં રે૦
હરી હાર્યા સયર કેરી સાથમાં રે૦
ચતુર હોય તેણે ચીતમાં વીચારવું રે૦
એઠાં જોઇએ તો નવ પડે હારવું રે૦
પ્રભુ હાર્યા થકી તે જોયું ભલું રે૦
નીકે સદાએ રેવું તમારે એકલું રે૦
એમ કહીને રાધિકાજી ઉઠીયાં રે૦
દાસ કલ્યાણના પ્રભુને મનાવીયા રે૦

## (૭) સાતવાર

રંગે રમે આનંદે રમે રે આજ નવ દુરગા રંગે રમે,
આદીતે આ૦ાં અલએલી, મંડપમાં મતવાલી ભમે રે–આજ૦
સોમે શણુગાર માને અંગે સોહાવે, હીરલા રતન માને
અરૂણ સમે રે૦
મંગળવારે માજી છે ઉમંગમાં, ચાંચર આવીને દેવી ગરબે

રમે રે૦

બુધવારે માજી બેઠાં બીરાજે, રાસ વીલાસ માનો ગાયો
ગમે રે૦

ગુરૂવારે આઇ ગરબે રમે છે, ચંદન પુષ્પ અંબા માને ચડે રે૦

ભૃગુવારે માજી ભાવ ધરીને, બ્રાહ્મણ રમે ને માને ગમે રે૦

શનીવારે મહાકાળી થયાં છો, ભીક્ષા ભોજન મન ગમતાં
જમે રે૦

વલ્લભ કહે માને ભાવે ભજોને રાસ વીલાસ માનો ગાયો
સમે રે૦

## (૮) સાતવાર

મહાકાલી તે મંગલ રૂપે રે — અંબા૦
માને જાણે તે બ્રહ્મ સ્વરૂપે રે — અંબા૦
બુધી રૂપે બુધે પરવરીયાં રે — અંબા૦
અંબા દક્ષ ઘીરે અવતરીયાં રે — અંબા૦
ગુરૂવારે ઘણું છો ગરવાં રે — અંબા૦
ગુણ ત્રણ થકી છો નરવાં રે — અંબા૦
શુકરે તી કીધાં સુકૃત રે — અંબા૦
માને વેદ ગાયે અદ્વૈત રે — અંબા૦
શની રૂપે સહુને મા સરખી રે — અંબા૦
માનો શ્યો રે મેં’મા ગાઉં નરખી રે — અંબા૦
રવી તેજ તણું શું મા કહિયે રે — અંબા૦
માને કીયે પ્રકારે લઈયે રે — અંબા૦

સોમવારે જોયું સંભાળી રે　　　અંબા૦
શીવ શક્તી રૂપે મહાકાળી રે　　　અંબા૦
સાતવાર ગાયા માના આશ રે　　　અંબા૦
લછીરામ ગાયે ગુણ તારા રે　　　અંબા૦

## (૯) "બાળી બૌચર ખેલે મા રંગમાં."

રંગમાં રંગમાં રંગમાં રે બાળી બૌચર ખેલે મા રંગમાં.
નવ દા'ડા નવરાત્રી ખેલે, શોભા બની છે માના સંગમાં રે.
બાળી૦
અંબે છે બાળી ને લીયે કર તાળી, થૈકાર થૈકાર થંગમાં રે૦
બાળી૦
સોળે શણુગાર માએ પેર્યા શોભીતા, નથે મોતી જડયા નંગમાં રે. બાળી૦
સોળ ચોક જોગણીના જુથમાં મળીને, ગરબો ગાયો છે આનંદમાં રે. બાળી૦
બહુ વલ્લભ કે' ભાવે ભજશે, તે ના'યા જઈ ગંગમાં રે. બાળી૦

## (૧૦) આદ્ય શકિતનો ગરબો.

આદ્ય શકત મોરી માયરે રીધ સીધ આપોને,
એવા દૈત વીદારણ હારરે દુખડાં કાપોને.
માને પચરંગી પરવાળાંરે કંઠડે ઝળકેરે.
એવા વેણે તે વશીયલ નાગ બાંવળી ખળકેરે.
માને દાંતે સોનાની રેખરે ન કે વાળીરે.
માયે સજ્યા તે સોળે શણુગાર રૂપે બાળીરે.

માથે કીધી કેસરની આડ, સીંદુર રાતીરે.
માથે ચોખા ચોડયા છે લલાટ, ટીલડી માતીરે.
માને ફુલ ઝરંતા મુખ, અનોપમ વાણી રે.
માએ સજ્યા તે સોળે શણગાર, ઘુંઘટ તાણીરે.
માજી એ દરશનને કાજરે, આવી ઉમારે.
મોટા છત્રપતી મહારાજ દક્ષણી સુબારે
માજી ધન્ય માગું અવતારરે, કુંડમાં નાયેરે
એવી કાયા સકોમળ આજ કરીને ઘેર જાયેરે.
માનો સંખનપુરમાં વાસરે, કૂકડ પાસેરે,
બાળી બૌચરાના ગુણ ગાયા, વલ્લભ દાસેરે.

## (૧૧) કાલીકાનો છંદ.

મા તું પાવાની પટરાણી કે, કાલી કાલકાં રે લેલ.
માજી તારે ડુંગરીએ ચડવું ય કે અતિ ઘણું દોહ્યલું રે.
માજી તારા મંડપનાં મુખ જોતાં કે અતીઘણું સોહેલું રે૦
પેલું તપ કરવા માંડયું ય કે, વીશ્વાસેરે કરી રે૦
માજી તારો સેવક પામે દુખ કે આરદાસ કરે ઘણી રે૦
ચોસઠ ચોટું ચાંપાનેર કે, ચતુરાં ચોઢે મલી રે૦
તેનો રાજા પાત્સાહી રાજ કે, બેઠો તખતે ચડી રે૦
રમતી ઝમતી સઈયર સાથ કે, આઠમી તુંરે મળી રે૦
પાવાવ ઝાલ્યો પાત્સાહી રાજ કે, નવમી તુંરે ભલી રે૦
માગ માગ પાવાના રાજન કે, ખુશમાન હું રે થઇ રે૦
માગ માગ ઘોડાની ઘોડાર કે, હસ્તી આપું ઝુલતા રે૦

માગ માગ મેડી ને મો'લાત કે, રાણી આપું શોભતી રે૦
માગ માગ ગરથ ને ભંડર કે, લક્ષ્મી આપું અતી ઘણી રે૦
માગ માગ પુત્ર ને પરીવાર, બંધાવું પારણાં રે૦
માગ માગ ઘેલુડી ગુજરાત કે, બાણું લાખ માળવો રે૦
માગ માગ ઉત્તર ખંડનાં રાજય કે બદ્રીનાથ રાજ કરે રે૦
માગ માગ પશ્ચિમ ખંડનાં રાજ્ય રણછોડરાય રાજ કરેરે.
માગ માગ દક્ષીણ ખંડનાં રાજ કે, રામનાથ રાજ કરે રે૦
માગ માગ પુરવ ખંડનાં રાજય જગંનાથ રાજ કરે રે૦
માગ મ ગ ચારે ખંડનાં રાજય, ચાંદો સુરજ બેરે તપે રે૦
માગું એટલડું વંદાન કે મો'લે પધારજો રે૦
ફટ ફટ પાત ના રાજંન કે એ શું બોલીયો રે૦
તેણે જાશે તારૂં રાજય મુગલ્લ દળ આવશે રે૦
એમ કહી મતા થયાં અલોપ કે રાજાએ હાથ ઘસ્યા રે૦
રાજાની રાણીયું ચતુર સુજાણ કે, મોતીડાની દાલ દળે રે૦
રાજા ઘોડી પો'તો ગઢ માંહ્ય કે, રાણીયુંનાં શીશ છેદ્યાં રે૦
ત્યાંથી સંચરીયા મુગલ્લ કે, મુગલે કપટ કર્યાં રે૦
ગુણમાં શીવ્યા છે મુગલ્લ કે, હાથમાં ખાપવા રે૦ .
ત્યાંથી હંકારી છે પોઠ કે ગઢ પાવારે ભણી રે૦
ડ ઢીએ બેઠો છે સુરદાસ કે સુરદાસ વાણી વદે રે૦
કો' ભાઈ શીયો ભરયો છે માલ કે કહીને ચલાવજો રે૦
ખારેક ટોપરાં ને ખજુર, સોપારી રૂડી વાંકડી રે૦
બુઢીયે બરછી નાંખી ત્યાંય કે જુધ પેહલું થયું રે.

માતું જે માથે ત્રુઠીય કે તેનાં રાજ રહ્યાં રે૦
માતું જે માથે રૂઠીય કે તેનાં રાજ ગયાં રે૦
ગરબી ગાયેછે ભાણુંદાસ કે માતાજી પ્રસન થયાં રે૦

## (૧૨) અનંત રૂપ.

અરક ન ઇંદુ પવન નહી પાણી મા
તારી રે ગત અંબા કેણે ના કળાણી મા
તેં રે જુગ જાયા ને જગત નીપાયા મા
કેતીક વાર તેં બ્રહ્માજી નીપાયા મા.
કોટીક ઇંદ્ર, હુવા રે કેતીક વારી મા.
તું નિરંજનની મા તું નીરાકારી મા.
પ્રાતઃકાલે અંબા બાલ કુમારી મા.
ઉત્તમ અંગે મા ઓઢી છે સાડી મા.
ઝીણે ઝીણે શબ્દે મા નેપુરિ વાજે મા.
વીંછીઆ રે અતી સરસલા છાજે મા.
લંઘર નાદ દીસે અતી રૂડા મા.
નાકે રે મોતી મા નીરમલ સોએ મા.
નીરખતાં મુનીવરનાં મન મોએ મા.
મણી મુકતાનો અંબા હાર બીરાજે મા.
હરખે રે હસતી મા દંત ઝબુકે મા.
વેણી ત્રિવેણુ કુંકુમ સર ગુંથી મા.
સીંદોરે રે સોએ રે અતી સેંથો મા.
મૃગ મૃગ નેણુ સમારયાં તેં કાલી મા.

ઉદક પવન ને જોબન મદમાતી મા.
કરૂણા રે કરતી ને મદ્ય પિખંતી મા.
આવી રે આનંદે મા રાસ રમંતી મા.
રંગ ભર રાસ રમે રઢીયાલું મા.
મહીષારેસુરનું તેં નામજ ટાળ્યું મા.
આશારે સુરની મા તું ધણીયાણી મા.
તુંરે સુખ શરણી ને તું સુખદાતા મા.
સેવક શવજી શરણુ તુજ આવ્યો મા.
તે તો રે દાસ માતા તમારો કે'વાણો મા.

## (૧૩) ભવાનીમાનો છંદ.

ગાઉંછું તે ગણુપતીરાયે ભવાની મા. શારદાજી થાજો સાહ્યે ભ૦
ચરણુ કમળ શીશ નામું ભ. સનમુખ થઇને જોજો સામું ભ.
અખંડ રૂપ અવીનાશી ભ. તમે ગંગા ને તમે કાશી ભ.
હૃદયા કમળ વચ્ચે રેજો ભ. દાંડીનાં દરશન દેજો ભ.
વિલાસ કરો છો બહુ રંગે ભ૦ ચોસઠ જોગણીની સંગે ભ૦
પુષ્પે ભરીને વેણુવાળી ભ૦ છેલાઇએ રમે છોગાળી ભ.
તાલ મૃદંગ ચંગ ભેરી ભ. ઘેઘટ રંગમાં ઘેરી ભ.
ફરતી તે કુદડી ફેર ભ. ગાજી રહ્યું છે બ્રહ્મા ભેર ભ.
ભમ્મર તાલી વાજે ભ. ઝાલ ઝાંઝરી ને ડાક વાજે ભ.
દેવ વેમાને ચડી દેખે ભ. જીત્યું સફલ કરી લેખે ભ.
ચંડ મુંડ ચપટીમાં ચોળ્યા ભ. ધુમ્રલોચન ઢંઢોળ્યા ભ.
રક્તબીજ મારી રક્ત પીધાં ભ. દેવતાનાં કારજ સીધ્યાં ભ.

ઝટકે મહીષાસુર માર્યો ભ. સૈન્યા સહીત સંહાર્યો ભ.
ઘટઘટ રમતાં દેખું ભ. જીવ્યું સફળ કરી લેખું ભ.
મર્દન કરો છો હુલાસે ભ. દેવતાનો ટાળ્યો ત્રાસ.
સંવત અઢાર આડત્રીશે ભ. ગુણ ગાયે ને મન હીસે ભ.
આશો માસ બીજ અજવાલી ભ. શુક્રે થયાં સાહ્ય કાલી ભ.
શીવરામ દાસ તમારો ભ. શરણે રાખીને ભવ તારો ભ.

## (૧૪) "સાચી મોરી મૈયા મા".

સીંહે ચડી વન ડોલે ભવાની મા દૈત વીદારણહારી–સાચી
મોરી મૈયા મા.
આંધલાને આંખો આપે ભ. પાંગલાને પાર ઉતારે સાચી.
ભૂખ્યાંને ભોજન આપે ભ. તરસ્યાંની તરશ નીવારે સાચી.
વાંઝીયાં આવે તુજ આગે ભ. વાંઝીયાંને પારણાં બંધાવે સા.
મહાદેવ ધ્યાન ધરે તુજ આગે મા કાનુડો વેણુ વજાડે સા.
બ્રહ્માજી વેદ ભણે તુજ આગે મા. ઇંદ્રજી આરતી ઉતારે સા.
ગાંધર્વ ગાન કરે તુજ આગે મા. નારદ તુંબર વાયે સા.
પાય પડીને તુને જાચું ભ. તાનસેન ગુણ ગાવે. સા.

## (૧૫) શિવની ગરબી.

પુજું ગણપતીના રે પાય, વળતાં સમરૂં છું શીવરાય.
જો શીવ વરદાન રે આપે, કોટી વીઘન સેવકનાં કાપે.
ભવની ભાંગે શંભુ ભુખ, શંકર સેજે આપે સુખ.
જે નર કરતા રે સેવા, તેને પ્રસન થયા મહાદેવા.
ભસ્મ તણા છો રે ભોગી, નિરંજન જટા વધારણ જોગી.

ફાટલ કંથા રે સાંધી વાળી શીવે જુગતે જટા બાંધી.
હાથડામાં સાહી છે રે સે ટી, વાળી શીવે વાળી વજર લંગોટી,
તપ કૈલાસે રે સાધ્યું, પાસર પોઠીડો લઇ બાંધ્યો.
વિજીયા વાવી રે પાસે, શંકર વસીયા છો કૈલાસે.
તપ કરી શીવજી રે આવ્યા, સુરિનર મુનિવરે મોતીડે વધાવ્યા.
દાસ શીવાનંદ રે ગાયે, સુણતાં પાપજ પરલે થાયે
સંવત અતરમાં રે ચુમાલો, માગશર શુદ ચૌદશ ગુરૂવારો.
ગરબી થઈ છે રે પૂરી, તેમાં કાંઇ નથી અધુરી.

## (૧૬) "ગરબે ખેલો મતવાલી".

હાંરે નવ નોરતાની રાતજ આવી; હાંરે માએ કનકની રે માએ
કનકની માંડવી ઘડાવી બૌચર માત ગરબે ખેલો મતવાલી.
હાંરે કાઢયા ચીત્ર ને મોરલાજ શોભે, હાંરે મોટા મુનીવર રે
મોટા મુનીવરનાં મન લોભે બો.
હાંરે હીરા રત્ન જડાવીને લીધાં, હાંરે ફરતાં હેમનાં રે ફરતાં
હેમનાં કુમતાં કીધાં બો.
હાંરે ઉજવળ પુષ્પના ટોડર લેહેકે, હાંરે અગરચંદનના રે
અગરચંદનના ધુપ બહુ બે'કે બો.
હાંરે ગરબી ચોક મધ્યે જ્યારે આવી, હાંરે બાળી બૌચરા
રે બાળી બૌચરાને મન ભાવી બો.
હાંરે કાઢી કેસરમાં બોળી આંગી, હાંરે ઓઢી ચુંદડી રે
ઓઢી ચુંદડી તે પચરંગી બો.
હાંરે ઈશ આવ્યા ઉમા કેરી સંગે, હાંરે કૃષ્ણ વાંસળી રે કૃષ્ણ

વાંસળી વજાડે બહુ રંગે બો.
હાંરે બ્રહ્મા આવ્યા સાવીત્રી સું ભાવે, હાંરે તીહાં ઇંદ્રજી રે તીહાં
ઇંદ્રજી આરતી ઉતારે બો.
હાંરે રમે સરખા તે સરગી જોડી, હાંરે દેવ આવ્યા છે રે દેવ
આવ્યા છે તેત્રીશ કોડી બો.
હાંરે રમે આનંદે અંગ નમાવે, હાંરે પગ પ્રહાર રે પગ પ્રહારે
ધરણી ધ્રુજાવે બો.
હાંરે સંવત અઢાર પાંત્રીશ સારે, હાંરે કલી ચૌદશ રે
કાર્ત્તી ચૌદશને સોમવારે બો.
હાંરે કૃપા કીધી છે અશ્વિન માસે, હાંરે રાસ ગાયો છે
રે રાસ ગાયો તે શીવરામ દાસે બો.

## (૧૭) કંસનો ગરબો.

સરસ્વત સ્વામીને વિનવું રે, ગણપત લાગું છું પાય, ગણપત
લાગું છું પાય ગરબો ગાવાનું મન ધર્યું રે.
સમરૂં સારદાજી માત, (૨) વાણી વૈષ્ણવની ઓચરૂં રે.
વસુદેવ તણી નાર, (૨) જેનું નામ છે દેવકી રે.
પામ્યા દેવ મોરાર (૨) આદ્ય અંબા સેવ્યા થકી રે
જેનો વીરો કંસરાય, (૨) મથુરાપુરીનો રાજીઓ રે
ટાળ્યો ભગનીનો વંશ, (૨) મુરખ મનમાં ન લાજીઓ રે
જેણે માર્યાં ખટ બાળ (૨) હૈડે હીંસાથી નવ ડર્યો રે
સામો આવી પોચ્યો કાળ, (૨) કુંભ પાપે પૂરો ભર્યો રે
દેવકી ભજે છે ભગવાન, (૨) અમને આશા છે તમ તણી રે

વિનતિ સુણજો એકાંત, (૨) શુધ લેજો વૈકુંઠ ધણી રે
જો જો વિશ્વના આધાર, (૨) દીન જાણી દયા કરી રે
થયો આઠમો અવતાર, (૨) પુરણ પ્રગટયા ત્યાં શ્રીહરી રે
જાણે કોટી ઉગ્યા ભાણ, (૨) એવું તેજ ત્રીકમ તાણું રે
તેને કરીએ પ્રણામ, (૨) ધ્યાન ધરીએ પરિબ્રહ્મનું રે
જોઇ પુત્રનું સ્વરૂપ, (૨) માતપીતા વીસ્મે થયાં રે
કંસ જાણશે જો વાત, (૨) દુષ્ટ આવશે હમણાં હીંયા રે
એવો મન કરે વિચાર, (૨) ત્યારે બોલ્યા છે શ્રીહરી રે
મને ગોકુળ લઇ જાઓ (૨) મન માંહે ધીરજ ધરી રે
જાજો નંદજીને ઘેર, (૨) ત્યાં જન્મી છે વીજળી રે
લઇને ચાલ્યા તતખેવ, (૨) ગયાં બંધન સરવે ટળી રે
સુતા ચોકીઆ દરવાંણ, (૨) જોગમાયાના બળવડે રે
એમ બોલ્યા વાસુદેવ, (૨) રખે વાત જાણી પડે રે
પુત્ર લઇ ચાલ્યા તતખેવ, (૨) ગોકુળ જાવાનું મન કરી રે
જમનાજીએ દીધો માગ, (૨) શેષનાગે છાયા કરી રે
ગોકુલ મેલ્યા મહારાજ, (૨) ધીરે લઇ આવ્યા વીજળી રે
તેવે જાગ્યા રખવાલ, (૨) સેવક સરવે આયુધ ધરી રે
કીધું કંસને ત્યાં જાણ, (૨) ત્યાં જઇને તે તે ઘડી રે
બાળક બોલ્યું ઘર માંહ્ય, (૨) કંસ આવ્યો ઘોડે ચડી રે
કે' છે દેખાડોને બાળ, (૨) મારી કટકા તેના કરૂં રે
ખોળે બેસાડયું છે બાળ, (૨) મારવાનું એણે મન ધર્યું રે
વીજ ઉડી આકાશ, (૨) બલ કીધું તેણે બહુ રે

વચન બોલી પ્રકાશ, (૨)   તારો વેરી ગોકુળ કહું રે
ઝાંખો થયો કંસરાય, ઉંચું મોઢું ને જોઇ રહ્યો રે
જોઇ દેવીનું સ્વરૂપ, મન માંહે વીસ્મે થયો રે
દેવકીને વાસુદેવ, કારાગ્રહમાંથી કાઢીયાં રે
લાગ્યો કરગરીને પાય, તમને કીધાં મેં વાંઝીયાં રે
માતા જશોદાને ઘેર, નાટારંભ તે થાય છે રે
તરીયાં તોરણ બંધાય, માનુની મંગલ ગાય છે રે
દૂધે વુઠયા છે મેઘ, સાકર કેરા કરા પડયા રે
મંદીર રંગ્યાં મહારાજ, કુમકુમ કેરા ઘડા ભર્યા રે
બોલ્યા નંદજી મહારાજ, મારાં ભાગ્ય ઉદે થયાં રે
હરખે આવ્યાં આંસુપાત, ભગવાને કીધી દયા રે
વાગે ઢોલ ને નિશાણ, વાજાં વાગે બહુ ભાતનાં રે
આવ્યા બ્રાહ્મણ ને ભાટ, દાન પુણ્ય કીધાં ઘણાં રે
ગોકુલ કીધું ઘેઘટ, અંબા માને વધાવીયાં રે
વાગે તાલ ને મૃદંગ, મંદીર માતા તેડાવીયાં રે
મામો મોટો મહીમાય, પુજા બહુ વિધિ લાવીયા રે
પુત્ર લીધો ઉછરંગ, માને ચરણે નમાવીયા રે
અંબા થયાં પ્રસન્ન, ખોળે બેસારીને બોલીયાં રે
આ છે અનાથોનો નાથ, એથી સર્વ થાશે સુખીયાં રે
થાશે પૃથ્વીનો ભૂપ, પ્રજા સઘળીને પાળશે રે
કાંઇક કારણ સ્વરૂપ સંકટ સરવેનાં ટાળશે રે
શોભે સઘળી બજાર, માતા નિરખે મુકુંદજી રે

મે'મા વાધ્યો અપાર, મન હરખે છે નંદજી રે
પે'ર્યાં પીતાંબર સાર, કરમાં ગ્રહી છે લાકડી રે
ગળે ગુંજાના હાર, પાયે ચડવાને ચાખડી રે
કેસર કેરાં તીલક, ખભે નાંખી છે કાંબલી રે
ગાયો ચારે ગોવીંદ, સાથે ગોવાળ મંડળી રે
રચ્યો વનરાવન રાસ, ગોપી આવી આનંદમાં રે
વાજે વેણુ રસાલ, પડયા રાધીકાના ફંદમાં રે
નેણુ ચંચળ ચકોર, જેનાં વસ્ત્ર સોહામણાં રે
એનાં શ્યાં કરૂં વખાણ, દાણ લીધાં છે મહીતણાં રે
કંસે મોકલ્યા અક્રૂર, એને તેડી લાવો ઇયાં રે
બેસી રથે મહારાજ, મોહન મથુરામાં આવીયા રે
મામો મારીયો છે કંસ, કેસ ઝાલી પછાડીયો રે
જેનું છેદ્યું છે શીશ એને સ્વરગે પોં'ચાડીઓ રે
ત્યાં માત ને તાતનાં જઇ બંધન છોડાવીયાં રે
ચરણે નમ્યા મહારાજ, માત પીતા વીસ્મે થયાં રે
બોલ્યાં દેવકીજી માત મેં તો માન્યાં છે નોરતાં રે
આશો કેરી નવરાત્ર, રૂષી તેડાવ્યા ગોર ત્યાં રે
કીધા અષ્ટમીના હોમ, પાન બીડાં ચડાવીયાં રે
પારણાની આવી નોમ, પુજા બહુ વીધી લાવીયા રે
ટાળ્યાં અસુરનાં મૂલ, સુર મોકલ્યા હજુરથી રે
માતા કરોને મયાય, દાસ વલ્લભની વીનતી રે
પૂરી મનડાની આશ, દેવ પુષ્પ વૃષ્ટિ કરે રે

મરશે શીખે સુણે ગાય, ભવસાગર તે તો તરે રે

## (૧૮) શ્રી પન્નર તીથી

માજી આજ મેં જોયું એક મન વીચારીને
તુજ વીના બીજું નહીં કોય, અકળ ગત છે તારી
માજી બીજે બલપણ તારૂં રે, તારૂણી મેં દીઠું
હું તો મગ્ન થયો મનમાંય, લાગે છે મીઠું
માજી ત્રીજે ન જાણે કોય, મહીમા હે તારો
પદ છેલું છે સાક્ષાત, તરયાનો એ આરો
માજી ચોથે ચોગણું રૂપ, શોભે છે સારૂં
બ્રહ્માદીક વિષ્ણુ મહેશ, રટણ કરે તારૂં
પાંચમનો પરચો પૂર્યો રે કૌછું હે બાળી.
જેહી નો'તું મૂળ મંડાણુ તેહીની તું બાળી.
માજી છઠીના લખીઆ લેખરે તે પણ છે સાચા
જેના મંડાણુ જેવા તેના તેં વાંચ્યા.
માજી સાતમનો સુરધન જવરલો છે જોગી.
બ્રહ્માદીક વિષ્ણુ મહેશ સરખા છે ભોગી.
માજી આઠમની અધરાત, કૃષ્ણ થયાં કાળી.
ભય પામ્યા અસુર અનેક, તે તુજને ન્યાળી.
માજી નવમે નર નારાયણ રામ તણા રૂપે.
સમુદરમાં બાંધી પાજ વાનરના ભૂપે.
દશ મસ્તક છેદ્યાં દૂર રાવણને રોળ્યો.
વીભીષણને આપ્યું રાજ લંકા ગઢ રોળ્યો.

માજી એકાદશી આઠ હજાર, નવશેં ગ્યા નાશી,
કીધો અસુરોનો સંહાર કૈક ગયા ત્રાસી.
માજી બારસે બળ ને છળવા વામન થઇ આવ્યા.
તેં તો બળી ચાંપ્યો પાતાળ ઇંદ્રાસન લાવ્યા.
માજી તેરશે તે જાણે કોય જવરલો જોગી છે.
બ્રહ્માદિક વિષ્ણુ મહેશ સરખા ભોગી છે.
માજી ચતુરદશી દિન શીવનો, શિવરાત્રી કૈયે.
તે તો જાણે જવરલો કોય, કોઇને નવ કૈયે.
માજી પુનમ કેરો ચંદ્ર ઉગ્યો આકાશી
ધન્ય ધન્ય ગોકુળના લોક, ધન્ય વ્રજના વાસી.
તથ પન્નરે થૈ છે પૂરી રે ગાયે મધુરી રે
કહે જીવણ જોડી હાથ, આશા કરો પૂરી.

## (૧૯) શરદ પુનમનો ગરબો.

સાંભળ સૈયર વાતડી, ઉત્તમ આસો માસ.
શરદ પુનમની રાતડી ચંદ્ર ચડયો આકાશ.
તેણે ને સમે હરી આવીયા. વનરાવનને ચોક.
મોરલીમાં વેદ વજાડીયા તે સુણીયા ત્રૈલોક.
અષ્ટ કુલ પરવત ડોલીયા, ડોલ્યા નવકુલ નાગ.
મોર બપૈયા બોલીયા સાંભળતાં તે રાગ.
આવતાં ને જાતાં થંભીયાં, નદીયું કેરાં નીર.
વછ ને બાલ વલંભીયાં, પીતાં પીતાં ખીર.
ખગ મૃગ શ્રવણુ ધરી રહ્યાં, તરણુ ન વંદે ગાય.
ઠામો ઠામ ઠરી રહ્યાં, એમ રહ્યાં સુખ માંય.

પવન રહ્યો મોરછાઇને, મુનીવર ચુકયા ધ્યાન.
વળી તે રહ્યાં વશ'ભાઇને, વન ઉપર વેમાન.
વન વાડી વન વેલડાં, પ્રગટ થયાં પ્રફુલ.
રસ ઢળ્યા ર'ગ રેલના, અબળાનાં શ્યાં શૂળ.
એ મોરલીના તાનમાં, વ્યાકુળ થઇ વ્રજનાર.
એક બીજીની સાનમાં, હાલી હારો હાર.
નાકે ઓગનીયાં પે'રીયાં, નેપૂર પેર્યાં હાથ.
મોર તે શ્રવણે પે'રીયા કાંકણીયું પગ સાર.
અવળાં આભ્રણુ પે'રીયાં, અવળાં ઓઢયાં ચીર.
અવળાં ઓઢયાં લે'રીયાં, ભૂલી શુધ શરીર.
એક એક આંઝેલ આંખડી એક એક વણુ આંઝેલ
ધરી હરી ઉપર ધાંખડી, કરી હરી·મળવા મન.
મેલ્યાં મ'દીર માળીયાં, મેલ્યાં રાજ ને પાટ.
મેલ્યાં ગોખ ને જાળીયાં, લીધી વનની વાટ.
મેલ્યાં છોરૂ વાછરૂ, મેલ્યાં માત ને તાત.
મેલી સેજ ફુલે ભરી, મેલ્યાં પિયુ સુત ભ્રાત.
વન આવી વનિતા મળી, લાગી હરીને પાય.
જાઓ જાઓ ને પાછાં વળી એમ બોલ્યા જદુરાય.
પીયુ સેવો પોતા તણો જે આપ્યો નિરધાર.
તે તમને સોહામણો, હે પતિવ્રતા નાર.
પતિવ્રતા ઇચ્છે નહીં અવર પુરૂષની આળ.
એ શું કામ તમે કર્યું, અમને ચડાવી આળ.

ગતિ મેલીને જે કરે, અવગતનો અનુરાગ.
બારે વાટે જે ફરે, તેનો નહીં હું ગરાક.
મારે તમારે માનુની, નો'તી અતી ઓળખાણ.
વાત કરો છો તાનની, એ હસવામાં હાણ.
હે પાતળીયું જાઇયો, કરો તમારાં કામ.
શું આવો છો આડીયું, રે'જો તમારે ધામ.
કો' તમને હું શું કરૂં, જાઓ તમારે ઘેર.
ગાયે લોક ગમે ખરૂં, વાત વિસ્તારી ફેર.
એટલે તે અબલા બોલીયાં, કયાં જાઇએ કીરતાર ?
ઘર પોતાનાં મેલીયાં અમને તમારો આધાર.
નહીં ઘર નહીં ઘેલી કહે નહીં ઠરવાનું ઠામ.
પ્રીતી તમારી ઉપરે, અમને હૈયામાં હામ.
તમ સારૂ અમે તજીયાં, સગાં કુટુંબ પરિવાર.
તોયે તરછોડો કાં તમે હરી હૈયાના હાર.
રાસ રમાડો હુલાસમાં નહીંકર તજશું પ્રાણ.
વિઘન થશે વિલાસમાં, માત પિતાની આણ.
એટલું બળ અબળા તણું, અંગે થયો હુલ્લાસ.
તતપર થઇને તે ઘડી રચીયો રંગ ભર રાસ.
જણ જણ સાથે જુજવા વાલે ધરીયા વેશ.
ઝુમ્રાલામાં ઝુઝવાં ઉઠી અવિચળ વેશ.
વેગે તે પરવટ વાલીયાં મોરલી ધરી કર માંય.
તાનમાં તાનમાં તાળીયું વળી તે ઝાલી બાંય.

વ્રજવણુ સારા ગામની એક એકને ગળે હાથ
રમે તે રંગભર ભામિની, ગોપિયે ગોપિયે નાથ.
ફરતો ફેર કીધો ઘણો, જાણે કનકનો કોટ
મોર મુકુટ મસ્તકે ધર્યો, લટકે લોટ ને પોટ.
વાજિંત્ર સરવે વાજમાં સરસ ઉઠે છે સુર.
તાલ પખવાજ ને ઝાંઝમાં જંત્ર તણો રસ પુર.
કાંબી ને કડલાં ઠમઠમે ઝાંઝરનો ઝમકાર.
પાયે તે ઘુઘરા ઘમઘમે વીછીયાનો છમકાર.
ધરતીનું પડ ધમધમે હેઠે શલંકે શેશ.
કાયરનાં મન કમકમે નાચે નવલ નરેશ.
શાક પાક ઘૃત શેવ ને, જમે જમાડે નાથ.
લવીંગ સોપારી પનનાં બીડલાં દીધાં હાથ.
ફરતી તે ફરે કુદડી, ગોપી ને ગોવીંદ.
ચંદ્રમુખીને ચુંદડી આપે થઈ આનંદ.
જેમ આવી તેમ રમાડીથાં તરત થયાં દરશન.
જેમ રમે તેમ રમાડીયાં, પ્રભુ થયા પ્રસન્ન.
રજની કીધી ખટ માસની, સૌની પુરી આશ.
કે' મીઠો એ રાસને વદતા ગયા વ્યાસ.

## (૨૦) અંબિકાનો છંદ.

રૂડી ગરબે રમે છે માત અંબિકા રે
પાય વાગે છે ઘુઘરીનો ઘમકાર રે. રૂડી ગરબે૦
માને જોવાને દેવ મુની આવિયા રે,

સાથે બ્રહ્મા સાવિત્રીને લાવીયા રે. રૂડી૦
આવ્યાં ઇંદ્ર ઇંદ્રાણી ને દેવતા રે,
શીવ વિષ્ણુ તે શકિતને સેવતા રે. રૂડી૦
આવ્યા નવકુળ નાગ ને નાગણી રે,
શોભા દીસે તે સર્વની અતી ઘણી રે. રૂડી૦
ત્યાં ચોસઠ જોગણી ભેળી થઇ રે,
નવ દુરગાને જોતાં મોહી રહી રે. રૂડી૦
આવ્યા બાવન વીર ઉભા જુએ રે,
એવા દુષ્ટોને મનથી નવ ગણે રે. રૂડી૦
નાચે ખુંદે ને હાથ તાળી પડે રે,
દેવ દુંદભી નગારાં ગડગડે રે, રૂડી૦
સહુ ગાયે તે રાગ ને રાગણી રે.
નવ નોરતાંની જે કરે જાગણી રે. રૂડી૦
માને ચારે તે વેદ ગુણ ગાય છે રે,
માનો મહીમાં મોટો મહિમાય છે રે. રૂડી૦
નરભેરામ તે કર જોડી કહે રે;
માના ચરણ કમળમાં સદા રહે રે. રૂડી૦

## (૨૧) આશાપુરાનો છંદ.

આશાપુરા આશા રે પૂરોને દેવી, ચરણ કમળ શીશ નામું. જોરે૦
કરૂણા રે દ્રષ્ટે નીહાળતાં દેવી અભય પદારથ પામું. જોરે૦
સંસાર સાગર અતી વસે માંહી માયા કેરી ભમરી. જોરે૦
જોબનીયું તો વહી રે ગયું, હવે જરા તે આવી જબરી. જોરે૦

અજ્ઞાન ઘોર અંધારડું ને દેવી, તેમાં તે કાંઇ નવ સુજે જોરે૦
પળિયટ અંગ ઘરડું રે થયું, ને મારી દેહડી થરથર ધ્રુજે જોરે૦
શરણુ તમારે આવીયો દેવી, આવીને છેડલે વળગ્યો જોરે૦
તમથી તે વહાલું કોઇયે નહીં, શે માટે થાઉં હું અળગો જોરે૦
નયણાં ભરી ભરી નીરખતાં દેવી, સુંદર શોભા તારી જોરે૦
નિરગુણ સગુણ રૂપે થયાં તમે, ભક્ત વત્સલ બ્રદધારી જોરે૦
સાવરે સોનાની કાંચળી દેવી, તમ ઉપર બલીહારી જોરે૦
ચરણુ તે નેપુર રણુઝણે ને, ઝાંઝરની ઝણુ વાજે જોરે૦
પાયે તે રૂડાં પાવલાં ને, અણુવટ વીછીયા છાજે જોરે૦
કટી મેખલા કર કંકણી ને, હાથે સોના ચુડી જોરે૦
ઘણ. તે પુષ્પના હાર છે, તેની શોભા દીસે રૂડી જોરે૦
કંઠેસરી ને ઝુમણું, માદળીએ લીધો વાદ જોરે૦
નકવેસર નાકે રે જડયાં, માંહી મુક્તાફળનો હાર જોરે૦
મુખ મરકલડું શોભતું ને, દાડમ ડોલરા દંત જોરે૦
રસના મુખ તંબોળે ભર્યાં ને, બીડીયે કોઇ નવ ચંત જોરે૦
શીરપર મુકુટ સોહામણો ને, કાને કુંડળ ઝળકે જોરે૦
આયુધ કરમાં શોભતાં ને, વેદ તણી પલ ઝળકે જોરે૦
સીંહે ચડયાં શોભો રે ઘણું, તમે મહીષસુરને માર્યો જોરે૦
વીમાને ચડી જુએ દેવતા ને, સ્તુતી કરે સૌ તારી જોરે૦
મનમાં આનંદ વાધીયો, ને ગુણ ગાય નર ને નારી જોરે૦
માધવજીને મયા કરીને, ચરણુની શરણે રાખો જોરે૦
દીન જાણીને દયા કરો ને, તમે ભક્ત ભલી પેઠે રાખો જોરે૦

સંવત સતર નવલોતરો ને, ઉત્તમ આસો માસ જોરે૦
બીજ છે નવરાત્રની, નવદુરગા પૂરો આશ જોરે૦

## (૨૦) "દૈતોને રણમાં રોળ્યા"

દૈતોને રણમાં રોળ્યા રે, આજ મૈયા દૈતોને રણમાં રોળ્યા
મારયો તે મહીપાસુર મતવાલી, ચંડ મુંડ ચપટીમાં ચોળ્યા રે૦
શુંભ નિશુંભનાં શીશજ છેદ્યાં, ધુમ્રલોચન ધંધોળ્યા રે આજ૦
જોગણીએ પડયા પડયા કરે છે હોંકારા, ત્રીશુળ ઉપર તોળ્યા રે૦
નવ ખંડમાં મ એ નિર્ણય કીધો, ખપર લઇ ખંખોળ્યા રે૦
બ્રહ્મા ને વિષ્ણુ મહેશ મલીને, પ્રેમના પ્યાલા ઘોળ્યા રે આજ૦
વલ્લભ કે' તારો પાર ન પામું, તેતેર કોટી બોલ્યા રે આજ૦

## (૨૩) જોગમાયાનો છંદ.

દેવી દરશન દ્યોને દયાલી. જગત જોગ માયા રે૦
નવ નોરતાંની રાતજ આવી, જગત જોગ માયા રે.
શકિત ગરબે રમવાને આવો જ૦ નીત નવા નવા રંગ મચાવો.
કૃષ્ણરૂપે થયાં મહાકાળી જ૦ દેવી દીસો છો ભકતમાં દીવાલી જ૦
પગ પ્રહારે ધરણી ધરેણે જગ૦ સાત પાતાળ શેશ ખડે ડે જગ૦
પડે તાળી તણા પડછંદા જગ૦ વાજે નાદ નગારાં ને છંદ જગ૦
વાજાં વાજે ને દાનવર નાચે જગ૦ તેની ધુન ગગનમાં ગાજે જ.
પાયે ઘુઘરીનો ઘમકાર થાયે જ૦ ઝાલ ઝાંઝરીનો ઝમકાર થાયે
વી હૈડે હુલર ને હાર જગ૦ દેવી શોભા તણો નહીં પાર જ૦
દેવી નાકે તે નિરમલ મોતી જ૦ દેવી ચંચળ નયણે જોતી જ૦

દેવી ચાલો છો ગજની ચાલ જ૦ દેવી દીસોછો ઝાક ઝમાલ જ૦
દેવી માયા રૂપે તું માયા જ૦ દેવી ચૌદ બ્રહ્માંડ નીપાયા. જ૦
દેવી બાળા રૂપે તું બાળા. જ૦ દેવી દીસો છો ભકતને વહાલાં જ૦
દેવી ઘણાં કીધાં છે કામ. જ૦ દેવી અનેક પ્રગટયાંછે નામ જ૦
દેવી બહુ રૂપે બીરાજો. જ૦ સેવકના શીરપર છાંજો. જ૦
દેવી સવંત અઢર ઓગણુચાલો જ૦ દેવી શરણે રાખીને ભવ
તારો. જ૦
આશો માસ ને બીજ અજવાલી જ૦ ગુરૂવારે થયાં સાંચકાળી
ગરબો ગાયો છે રે હુલ્લાસે, જ૦ ગુણ ગાયો છે શીવરામ દાસે

## (૨૫) બાળી બૌચરાનો છંદ.

માજી સરસત ગણુપત વીનવું રે, લંબોદર લાગું પાય રે બાળી
માજી વાણી આપો મયારે કરીરે, માજી અક્ષર આપો સારરે બાળી
માજી માનસરોવર ઝીલતાં રે, મા બુડતાં ઝલો મોરી બાંય રે૦
માજી પ્રથમ ચરિત્ર તમે રે કર્યાં રે, માજી માર્યો મહીષાસુર
ભુપ રે બાળી૦
શુંભ નિશુંભ હાથે રે હણ્યા રે, મા રકતબીજ મારી રકત
પીધાં રે બાળી૦
મા ઘોડીમાંથી ઘોડો રે કર્યો રે મા અસ્રીમાંથી પુરૂષ રે બા૦
મા મરઘલડાં મારીરે કરીરે, અસુરે ખાધાં કેમ જાયરે બા૦
મા દૈતતણાં દળ છેદવા રે, ત્રીશૂળ ધરીયું હાથ રે બા૦
તેં બોલાવ્યાં બૌચરા રે, મુગલ તણા ઘઠમાંય રે બા૦
પરદેશે પરતો રે ઘણો રે, માનું નવ ખંડમાં છે નામ રે બા૦

મા બળીયાં હાકમ બૌચરા રે, માને સુબા ભરે સલામ રે બા૦
મા ચંદરવા શીરપર ચડે રે, માને ધજા ચડે ધજરાજ રે બા૦
મા ગોખ ચોક વાસોરે વસ્યાં રે, મા ચાચર આવી ફેરો ફરે રે૦
આદો આદો મુખ ઓચરે રે, મા પંખીયાં મુખ પરમાણુ રે૦
મા દુખીયાં આવે ઘણા દૂરથી રે, મા સુખીયાં થૈ ઘર જાય૦
મા વાંઝીયાં બંધાવો દેવી પારણું રે, મા રંક તણે ઘેર જાય રે૦
મા દીધાં વસાવો દેવી બારણાં રે, મા મોટાં દેવ દાતાર રે૦
મા માન સરોવર નાહી નવ્યાં રે, મા ભક્ત તણી ભાંગો ભીડ રે૦
મા બૌચર માત અભર્યાં રે ભરે રે, મા નોધારાં આધાર રે૦
કુંકુમ થાળ માના હાથમાં રે, મા ઘેલી ગરીબ નવાજ રે૦
મા વલ્લભ સેવક તાહરો રે, માજી શરણે રાખો મોરી માય રે૦

## (૨૬) પતાઇ રાવળનો છંદ

પુંજુ ગણપતીના પાય પુંજુ અંબીકાની પાવડી રે
સમરૂં સંખનપુર રાય, મયા કરો મુજ માવડી રે
ચતુર દેશ ચાંપાનેર, વસે કરૂણાનિધ કાળિકા રે
કીધો તરણાનો મેરૂ, બહુ ગુણનિધી બાળિકા રે
શોભાની બાંધી સૃષ્ટિ, પવન પાણી પેદા કર્યાં રે
કીધી વૃષાની વૃષ્ટિ, ધન ધાન્ય ધરણી ધર્યાં રે
નદી પરવત ને પહાડ, મહી મંડળ ને માનવી રે
વેદ જેની શરણુ જાય, દેવ, રૂષિને દાનવી રે
પાવાગઢનો પરતાપ, વિદ્યા જાણી વાસો વસ્યાં રે
આદિ શક્તિ તું તો આદ્ય ધર્મ લોક થકી ધસ્યાં રે

પતાઇ રાવલ પરચંડ, ધર્મ રાજ્ય કરે ધણી રે
જેના દેશમાં નહીં દંડ, કૃપા કાલિકાની છે ઘણી રે
નવરાત્ર કેરી રાત્ર, ખેલે ચોસઠ જોગણી રે
મા તેં વીચાર્યું છે મન, ભોગ જોવાને ભામની રે
મંગલ માનુની સૌ ગાય, ગરબે રમે સૌ ગામની રે
થૈકાર થૈકાર ત્યાં થાય, નિત્ય નારાયણી નામનો રે
સજ્યા સોળે શણગાર, ચરણુ ચોળી ને ચુંદડી રે
કંઠે મુકતાફળ હાર, કોટી શશી મુખી કામની રે
મુખે શ્યાં કરૂં વખાણુ, ભજો મા એવી ભામની રે
થયું પતાઇને જાણુ, રૂપ જોવાને કારણે રે
લાગ્યાં મોહનાં તે બાણુ, ધીરજ નવ રહી ધારણે રે
આવ્યાં ઉમીયા ને ઇશ, કાલી જોવાને કારણે રે
જગત અંબા જગદીશ, વિષ્ણુ જાય માને વારણે રે
બ્રહ્મા ભણે છે વેદ, નારદ નાચે છે તાનમાં રે
વાણી વખાણે છે વેદ શોભે સનકાદીક શેશમાં રે
દેવ તેત્રીશ ક્રોડ, ઇંદ્ર ઉતારે આરતી રે
વિષ્ણુ, રહ્યા કર જોડ, ભાવ દેખાડે ભાવથી રે
મહા પુજા મધરાત, મંદીર આવ્યાં સૌ માનવી રે
તેમાં કાલિકાજી માત, સુરલોક કેરી કામિનિ રે
પતાઇ રાવલનું પાપ, કરમે લીધો છે કેડલો રે
અંબા એકલાં છે આજ ઝાલ્યો છલ કરીને છેડલો રે
માતા થયાં પ્રસન્ન, માગ માગ મુખથી કહ્યું રે

પતાઇ બોલ્યો તેણીવાર, જુઠું બોલું છું જાહરે રે
શામા આવો મુજ સાથ, મંદીર રાખું હું માહરે રે
સતીએ દીધો ત્યાં શ્રાપ, મુરખ મેલ મારો છેડલો રે
તુંને મળ્યાં તારાં પાપ, પાવા પ્રાણ જાશે તાહરો રે
માતા થયાં અલોપ, જખ મારી રાજા રહ્યો રે
કીધો કાલીકાએ કોપ, વેરી કીધા વિવેકમાં રે
પતાઇ રાવલની રીધ, લૈ આપું ઘડી એકમાં રે
સુખ સાહેબો સુલતાન, ચાર લક્ષ ઘોડે ચડયો રે
ઉતારયાં મહીપતિનાં માન, પાવે ગઢે આવી નડયો રે
વઢતાં વર્ષ થયાં પાંચ, વઢતાં વેરી તે વાધીયો રે
દેવલ દીધાં દરબાર, હસ્તી ઘોડા લુટાવીયાં રે
ભાગ્યા ભુપના ભંડાર, ખજીના તે સર્વે ખુટીયા રે
ખુટયાં નવાણુથી નીર, અન્ન થયાં અલોપ માં રે
ધારણ નવ રહી ધીર, કાલી કાલકાના કોપમાં રે
મોતી માણુ દશ વીશ, ભુંડે ભરડાવી નાંખીયાં રે
નવસો નવાણું નાર રૂડી રત્નાવર રાણીયું રે
મારી નાંખી દરબાર, જોબનવંતી નવ જાણીયું રે
પુત્ર પાટોધર પાંચ, રાજવંશી રણ રોળીયા રે
માએ અધિક આપી આંચ, ચાંચડ વેગે લૈ ચોળીયા રે
સામત સોલે હજાર, મિટે મારી નાંખ્યા માવડી રે
એવી અપરમ પાર, કીધી ઝમર તલાવડી રે
ગયો સતી તણે શર્ણ, પાવાગઢ કેરો રાજીયો રે

મતી થઇ મારી મુંઢ, મેં તો ન ઓળખ્યાં માયને રે
પ્રાક્રમ તારામાં ક્રોડ, પૂરો ભક્ત તણી કામના રે
દેવીએ દીધું વરદાન, અભે કરીને થાપીઓ રે
હોજો વૈકુંઠમાં વાસ, સુખ સાગર લૈ સોંપીયો રે
ધરણી સ્વામી ઘર સુત્ર, બહુ શોભાને કારણે રે
વાંઝીયાંને આપે પુત્ર, માતા બંધાવે પારણાં રે
રોગીયાના જાય રોગ , સુખ સાગરને સોંપીયો રે
પામ્યો નૌતમ તે જન્મ કૃપા કરી અંબા કાલિકા રે
સ્તુતી કાલિકાની ગાય, શીખે શુણે ને સાંભળે રે
સામલભટ્ટ શ્રીગોડ, પિતા પરશોતમજી તણા રે
ગરબો ગાયો કર જોડ, એવો મહીમા માતા તણો રે

## (૨૭) આદ્ય સુંદરીનો ગરબો.

આદ્ય સુંદરી ને નિત્ય નવ નોરતાં રે લોલ.
એતો આદ્ય ને અનદ્ય આવે મોરથાં રે૦
જેથી જાહેરૂં થયું છે બીજા જગતનું રે૦
વિસ્તારી રહ્યું છે માત વિકતનું રે૦
જેથી ઇંદ્ર ને અસુર સુર ઉપના રે૦
એના રૂપમાં સ્વરૂપ રંગ રંગના રે૦
આપે વસ્ત્ર ને ઘરેણાં અંગો અંગના રે૦
ગરદ ગાદલી કેરંગની શીરે ધરી રે૦
જરદ જાણીએ સુરેશમી રૂવે ભરી રે૦
આછી ઇંઢાણી સોયંગ નાગ શેશની રે૦

ફરણી કુમકી ઘણી બણી વશેકની રે૦
ગઢો ગરબડો બગોળ કેરા ગોળનો રે૦
રંગ રાગડો ઝકોળ, ઢોલ ચોલનો રે૦
કીધું કોડીયું પૃથ્વિ પચાસ ક્રોડનું રે૦
હોડ હારતાં તે નાવે જોડાજોડનું રે૦
સાત સાયનું નીર ઘૃત ઘાલીયું રે૦
બની અષ્ટ કુલ પર્વતની વાડીયું રે૦
મધ્ય કાકડો જળહુલે છે મેરૂનો રે૦
થયો ઝળકાર શિશુમાર ફેરનો રે૦
જાગી જોત ને ઉદ્યોગ દીન રાતડી રે૦
શું વખાણિયે કહી ન જાયે વાતડી રે૦
દાસ આજતાં નથી તે દયા આવડી રે૦
દૈત દાણુવા પતંગીયા દડી પડયા રે૦
રમે સોળ ચોક જોગણીના જુથમાં રે૦
રમે રમક ઝમક ઠમક લુથપુથમાં રે૦
ગાયે ગાન તાન પાન પાત્ર હાથમાં રે૦
ફરે કરમ ધરમ શરમ સોત ભેદમાં રે૦
સર્વ શોભતી બરાબરીની બાલિયું રે૦
પડે દડાવડ તડેવડ તાલિયું રે૦
દેવ દુંદભીનો દવડાટ છંદમાં રે૦
મેઘ મોતીડે મંડાણો તે આનંદમાં રે૦
જો ચિત ચાચરે ક્રીડા કરે ને ફરે રે૦

તે તો કીરતાર નીરધાર ભકતમાં ઠરે રે૦
હરી ભકતનો ઠરાવ એક ટેકમાં રે૦
કહે મીઠો તે ટેક વિવેકમાં રે૦

## (૨૮) શીવજી શેવીયાનો છંદ.

થયા છો શબ્દ થકી સાકાર શિવજી શેવિયા રે
મોટા મહાજોગી નિરધાર શિવજી શેવિયા રે૦
આપે ઈચ્છા કીધી એક શિ૦ નિર્મ્યા નામ રૂપ અનેક શી૦
ઘટઘટ વિશ્વનાથનો વાસ શિ. એ વિણુ ખાલી ન એક અવાસ શી૦
બીરાજે જટા જુટમાં ગંગ શી. ગુણવતી ગીરજા શોભે અંક શી૦
શીતલ ચંદ્ર ધર્યો છે શીશ શી૦ સ્વામી સકલ ભુવનના ઇશ શી૦
તિલકધન શોભે ત્રીલોચન, શી૦ ઝળમળ ઝળકે પંચ વદન શી૦
તમને વ્યાપે નહીં વિષ પાન શી૦ નીરંજન નીલકંઠ ભગવાન શી.
શ્રવણ શોભે કુંડળ સાર શી૦ વિભુતી રૂંઢમાલ ઉરહાર શી૦
દશ ભુજ દીસે દક્ષણ વામ શી૦ કરો છે સેવકનાં શુભ કામ શી૦
પિનાક પાણી શૃંગી સંગ શી૦ ત્રીશૂળ પાણી છે ત્રિપંખ શી૦
કરમાં કંકણુ ડમરૂ ડાક શી૦ ભિક્ષા ભોજન શાક ને પાક શી૦
અદભુત આયુધ તિક્ષણુ સાર શી૦ કરવા કુટિલ તણો સંહાર શી.
વિભુતી વાઘંબર પરિધાન શી૦ વાલું વસ્તી મુકી સમશાન શી૦
ઉત્તમ ઉપવિત કાળા નાગ શી૦ ગમે છે ગાન તાન રંગ રાગ શી૦
નંદી ભ્રંગી નાચે ગાય, શી૦ ગાલ વગાડે ઘેલા થાય શી.
શોભે વૃષભ તણું વાહન શી. ઘમકે ઘુઘર માળ રતન. શી.
ભાવે ભાંગ ધતૂરો ચાવો શી. ઇચ્છાએ જાગ જગનમાં આવો શી.

ઓળગ કરે અષ્ટ મહા સિદ્ધિ શી. દ્વારે દાસી છે નવ નીધી શી.
બારે સેના ભૈરવ ભૂત શી. ડાકણુ શાકણુ ને જક્ષ દૂત શી.
સોંપ્યા સેવકને ભંડાર, શી. તમારો કુબેર છે કામદાર. શી.
કરતા કોટિ કોટિ બ્રહ્માંડ શી. તમારો અદ્દભૂત ખેલ અખંડ શી.
તમારો ખાલી ન પડે ખેલ શી. બળે વળી દીપક તે વણુ-તેલ શી
શોભે શીવ શકિતનો રાસ શી. બહુ વિધ સરખા બારે માસ શી.
વરણુન કરી શકે નહી વેદ શી. બ્રહ્મા ઇંદ્ર ન જાણે ભેદ. શી.
ભૂતળ ભાવે પ્રગટો રાજ શી કરો છે. સેવકનાં શુભ કાજ શી.
હેતે હાંસલપુરમાં આવ્યા, શી. સાથે પરિવાર સહુ લાવ્યા શી.
દરશન દાસલડાંને આપ્યાં શી. દુખડાં કોટી જનમનાં કાપ્યાં. શી.
પુજા અધિક પ્રકારે થાય શી. ભકતો ભાવે કીર્તન ગાય. શી.
જમે રમે ત્યાં વિપ્રો વૃંદ શી. કરે છે અષ્ટ પહોર આનંદ. શી.
ગરબો ગુરૂ પ્રતાપે ગાયો શી. વાડવ વચને ઠીક ઠરાયો. શી
હરિહર શકિત સરખાં જાણો શી તેમાં અંતર લેશ ન આણો શી.
ગરબો શીખે સુણે ને ગાયે. શી તેને મન વાંચ્છિત ફળ થાયે શી.
કીધાં ભીડ ભંજનનાં કામ શી. ચારે જુગમાં ચાલ્યું નામ શી.
આપો મુકિત ને ભંડાર શી. તમે છો વડા દેવ દાતાર. શી.
કહ્યાં પદ પ્રત્યે પાંત્રીશ શી. ગાતાં રીઝયા ઉમિયા ઈશ શી.
રસીક કહયો રાજનો રાસ શી. જાણો રઘુનાથ નિજ દાસ. શી.

## (૨૯) શ્રી ઇશ્વર વિવાહ.

શંકર સારદાને શીશ નામું ગરવા.ગણપતી જુઓ મુજ સામું
શારદાજી તે સમરથ જાણી આઇ આપો તે અવીચળ વાણી

પરમોહીને પૂછું છું વાત કેમ પરણ્યા તે શંભુનાથ
વિવા વૈકુંઠ નાથે વખાણ્યો એવો દેવીદાસે ન જાણ્યો.
પરભુજીના ચરણુ પખારૂં વીવા વિગતે કરીને ગાઉં

વિવા તે વિગતે વર્ણવું, માતાજી કરોને મયાય રે,
એવાં દીન વચન દેવીદાસનાં, દેવી કરોને દયાય;
એક સમે નારદ આવીઆ, જયાં હુતા શંભુનાથ રે,
પરીઆણુ પ્રભુજી શું પ્રીછવે, કહી રૂષી આગળ વાત.
નારદ સઘળે નીરખતાં, કન્યા ન જાણે કોય રે,
એક સમોવડ શંભુનાથની સરખી તે સુંદર જોડ.

## દેશી.

વળતાં રૂષીજીએ માંડી છે વાત તમે સાંભળો શંભુનાથ
અહીંથી દૂર ઘણી ભૂમી થાય ત્યાંકણુ રે'છે હેમાચળ રાય.
તેને ઘેર છે મેના નારી તે તો સુંદર વદને છે સારી
તેને કુખ કન્યા એક આવી મહારૂપ અનુપમ લાવી
દીસે દેવી તણો અવતાર શોભા કે'તાં ન પામું પાર
દીઠે હંસતણી ગત્ય ગમતી, ભૂમી ઉપર પગલાં ભરતી.
કટીકાયે તે કેસર લંકી, અવની સર આડો અંકી
વેણે વાસુકી નાગ લજાવ્યા, દીસે કંચન સરખી કાયા
બેઠી છે તે બાલ કુંવારી, જુએ છે તે વરને વિચારી.
શંભુનાથ કે' નારદ જાઓ, રૂષી વાટે વે'લેરા થાઓ
શુભ કામ કરો શીખ આલી, એણી ભોમ ગયા રૂષી ચાલી
એમ કરતાં નારદ રૂષી આવ્યા, મહા રૂદ્રનું માગું લાવ્યા.

મહા રૂષીજીએ માંડી છે વાત, તમે સાંભળો હેમાચળ રાય.
જે કોઇ સુર નર મુનીવર જાણે, વર સારો ને રૂપે વખાણે.
ત્યારે પૂછે છે મીના માય, વર કોણ ખંડનો છે રાય.
એની કોણ જાત ને કોણ ભાત, એનું કુળ કયું ને કયી જાત.
નારદ કહે છે સાંભળો બાઈ, એને ઘેરછે આદ્ય વડાઇ.
એનું સુંદર કુળ છે સારૂં, ત્યાંકણ મન માનેછે અમારૂં
જો કોઇ અણઘટતું કે'શે તમને, તેની ખોટ વરત સર્વે અમને
જોયા વીના અજાણ્યું કીધું શંભુનાથનું શ્રીફળ લીધું.

## ઢાળ

રાય કહે રૂષી સાંભળો જુગતે શું લાવજો જાન રે;
માંડવ મહીપતી આવશે, રૂડી પેઠે તે રાજંન.

## દેશી ચાલ

રૂષી કહે તમે સાંભળો રાય, કહુ મહાદેવનો મહીમાય
જે કોઇ સુરીનર મુનીવર કાવે ઇંદ્રાદિક સરીખા જાને આવે
બ્રહ્માદિક ને શ્રી ભગવાન જેની રૂડી દીસે છે જાન જો.
એવાં વચન કહીને રૂષી વળીઆ મહા રૂદ્રને પંથે પડીઆ
મહાદેવને મંદીર આવ્યા રૂષી સારા સમાચાર લાવ્યા
મહારૂષીજીએ માંડી છે વાત તમે સાંભળો શંભુજી નાથ.
હેમાચળે તે કન્યા દીધી, શંભુનાથની સગાઇ કીધી.
એવી વાત કહી રૂષીએ વાળી, શીવે હસીને આપી તાલી.
ચાલો જુગદીશ પાસે જઇએ, વીવાની તે વાતો કરીએ.
પછીઆણું પ્રભુજી શું કીજે, લક્ષ્મીવર તેડાવી લીજે.

હેમાચળને હરખ અપાર, માંઠયો મંડપનો શણુગાર.
કારીગર તેડયા અતી સાર, સુતાર સલાટ ને સોનાર.
મન ગમતાં તે મુરત સાંધી, દશ જોઇને દોરડી બાંધી.
ત્યાંથી ચાર જોજન ભુમી લીધી, પરવાળાંની પુરણી કીધી.
અનુપમ તે થંભ જડાવ્યા, મણીબંધા તે મોર ઘડાવ્યા.
ભુમી થકી તે ભુવન આકાશ, માંહી જડીત્ર જોત પ્રકાશ.
એવી વિધવિધ પેરે જાણી જોકે હવે રંગ આળેખણી આણી.

ઢાળ.

મંડપ રચના આદરી, આળેખણી અતી સાર.
મેઘમાળા ને ચિત્રશાળા, ભલી તે પાડી ભાત.
મેરૂ પરવત પંખી પ્રકટયા, ફુલ વેલ વીવેક;
નયણે તે કાંઇ નીરખતાં, કે'તાં ન પામું છેક.

દેશી.

એવી વીધ વીધ રચના માંડી, ચતુરાઇયે ચીત્રામણી કાઢી.
માંહે ભેદ ભુલવણી છે ઝાઝી, બાજીગર રચના બાજી.
માંહે વેદ ભણુંતા જોશી, દીસે વણુજ કરંતા દોશી
ઝળે બાંધ્યા તે ગેમલ ગાજે, સુંઢાળાને સાંકળ છાજે
માંહે મલ બાકરીચુ' વાતા, જાણીયે ગાંધર્વ દીસે ગાતા
સામસામી પારસીચું કરતા, માંહે મદગર ને મદ ઝરતા
બીજા નાટય કરંતા જાણું, વનસ્પતી તે શૈ વખાણું
અનુપમ તે આંબા ફુળીઆ, ચાલો જોઇયે તે જાંબુ ગલીયા
દાળ કેળ કરમદી પાકી, અતી રંગે શું શણુ છે રાતી

માંહે ખારેક ને ખજુર દીસે સુંદર દ્રાખ બીજુર
ફળ ફોફળ ને નાળીએરી, વાયે સુખડ પરીમલ ઘેરી
એ તો નવરંગ દીસે છે નીલી, બદામોની જોડે છે ખીલી
માંહે નૌતમ નાગરવેલું જાણીએ વૈકુંઠ આણી મેલ્યું.
વનસ્પતી તે ભાર અઢાર, બીજા પંખી તણો નહીં પાર
જ્યારે ગરૂડ મંડપમાં આવ્યા, અતી હરખે શું હંસ લખાવ્યા
ક્રારીંગી ને કુકડ વઢતા, પારેવાં ને પોપટ પઢતા
બગ ધ્યાન ધરીને બેઠા, શ્વેત સારસ જળમાં પેઠાં
પરભોમ તણાં જે પંખી, એવી ઓતમ જાત આળેખી
એવી મંડપ રચના કા'વે, શંભુનાથ પરણવા આવે
શંભુનાથ પરણવા ચાલ્યા, મઢી આગળ મંડપ ઘાલ્યા
શીવે ફાટેલ કંથા સાંધી, જુગતે શું જટા બાંધી
શીવે આક ધતુરો આણ્યો મહાદેવે પોઠીડો પલાણ્યો
જાન સર્વ થઇ તતખેવ, વૃષભે ચડયા મહાદેવ
પીતા પુત્રીને એમ કા'વે, તારો વર તો વેશ લઇ આવે
એવો વેશ લઇને આવે શંભુનાથ તે જાન કેવી લાવે
ત્યારે પુછે છે મેના માઇ, ચાલો જોઇએ તે જાન જમાઈ
નવ જોબન નયન સમારી, સામઇએ છે સુંદરી સારી
જોવા ગઇ જ્યાં જાન જમાઈ, ત્યાંકણુ મેના રહી મોરછાઇ
આ બ્રાહ્મણુ કયાં થકી આવ્યો, અણુગમતાં માગાં લાવ્યો
એનાં આભ્રણુ ભોળો જાણે, મહાદેવ રૂપ કેવું લાવે
અણુખપનો કયાંથી આવ્યો, રૂષી કુડો સમાચાર લાવ્યો

માતા કુંવરીને એમ કહાવે, તારો વર બળદીએ બેસી આવે
કુંવરી કે' છે કરમની વાત, વર પામી છું શંભુનાથ
જે કોઈ રૂષીજીએ મુજને આપ્યો શંભુનાથ કરીને મેં થાપ્યો
ત્રૈલોકમાં મેં તપ કીધું, મહાદેવ સરીખો વર લીધો
ઉમીઆ કે છે એવી વાત, ત્યારે બોલ્યાં મીના માત
વણ દીઠે શું રે વખાણ્યો, હંસ કાગને કોટ બંધાણ્યો
આ કુંવરી કયાં થકી જાઇ, ગળસુલીમાં વીખ ન પાઈ
એને પોંખવાને કોણ જાશે, એના ભોરીંગ સામા થાશે
જુઓ કુળવંત કુળનો જમાઈ, ત્યાં કે મેના રહી મોરછાઇ

ઢાળ.

મેના તે મન માને નહીં, અનેક અવગુણ ગાય રે
પેરે પારવતી પ્રીછવે, તમે ઘેલાં થયાં મુજ માત
આંગણે આવ્યો વર આશા કરી, વર વરયા વીના કેમ જાય રે
એવાં કર્મ બંધન નવ કીજીએ, જેમાં દોષ બેસે મુજ માય
જનમ આપે જનેતા, પણ કરમ ન આપે કોય રે
પાણી તે પી ઘર પૂછીએ, પછી જાત ભાત શી જોય.
મેના તે મન માને નહીં, આંગણે તે ઉભા ઇશ રે
પારવંતીજીનો પ્રેમ જાણી પ્રકટ થયા જગદીશ.
સૂર્ય સમોવડ વદન શોભે,, કળા કોટી પ્રકાશ રે
અરક ઉગે ને જયમ તિમિર ત્રાસે, એમ હુવો અજવાસ
હરખે હૈયામાં નીરખે નાથને, મીના મરકે ને મંગલ ગાય રે
ઘોંસર મૂસળ કર ધરી રે હુવે મલકતી પોંખવાને જાય.

ઇશ્વર ચડયા તોરણે.

વિશ્વ આભુષણુ ભોળો નાથ છે, જોતી તે કમળા જાય ;
રૂપે રૂડા દેખી કરી રે, ત્યાં કણુ સુંદરી લાગે છે પાય. ઇશ્વર.
ઘાટડી ચુંદડી મોડીઓ, ને સંપટીયાં અતીસાર ;
નાસીકા વરની નીરખી રે ગળે અલંભ્યા છે બહુ ઘાટ. ઇશ્વર.
પોંખી ને પધરાવીઆ, મહાદેવ માહેરા માંય ;
આનંદ ઓછવ અતી ઘણો રે, ત્યાં કણુ માનુની મંગળ ગાય. ઈ.
મહાદેવ માયરામાં આવીઆ, ત્યાં કણુ સુરીવર મુનીવર ગાય;
ચાતક થઈ ભામની રે, મુની જન થયા ચકચુર. ઇશ્વર.

## દેશી.

ત્યાં ઇંદ્ર સાથે ઇંદ્રાણી, બ્રહ્મા ગોર સાથે ગોરાણી,
સૂર્ય સાથે રનાદે જોડી ચંદ્રમા ને રોહીણી રૂડી.
હેમાચળની જોડે છે મીના વળી વખાણુ શ્યાં કરૂં તેનાં
પાટે પારવતી પધરાવ્યાં લક્ષ્મી લુણ ઉતારવા આવ્યાં.
જોડે જાનૈયા જુગદીશ અતી આનંદે પરણ્યા ઇશ.
મીના ગલપતી મંગળ ગાયે, ત્યાં કણુ કન્યાદાન દેવાયે.
ત્યાં કણુ સારા સુરત સાંધી, લીલા વાંસની ચોરી બાંધી.
ચોરી વણુ ચીતરી ચીતરાણી, વાંસ આવ્યા ને ચોરી બંધાણી.
પહેલું મંગળ ફરતું ફરતું, બીજું મંગળ ચોરીમાં વરતું
ત્રીજે મંગળ સાહ્યો હાથ, ચોથે મંગળ પરણ્યા શંભુ નાથ.
જ્યારે મંગળ વરત્યાં ચાર ઈશ્વર આરોગ્યા કંસાર.
ત્યાંકણુ હાથધરણું શીવને થાય ત્યાંકે વિધવિધ દાન દેવાય.
આપ્યા ભૂમી ગરથ ભંડાર, આગળ દોડાવ્યા તોખાર

મોટા મેઘળને શણગારી, ઉપર અંકુશ ને અંબાડી.
રાયે રથ આપ્યા છે જોડી, આગળ ધમલા ઘેરાંની જોડી
સરળ કોટે સાંઢીયા ઝઝા ગાયો ભેંસોનાં ટોળાં બાંધ્યાં
એવાં દાન સમર્પે રાયે મહાદેવને પે'રામણી થાયે
પીળાં પીતાંબર પટકુળાં આણ્યાં ઘડબંધાં ઘરચોળાં
રંગે રાતાં ને રૂડાં દીસે, પ્રભુજીને પે'રાવ્યાં પ્રીતે
જુગતેથી જમાડી જાન, માગણ જનને આપ્યાં બહુ દાન
શીવ પરણી ચાલ્યા કૈલાસ, મૃત્યુ લોકમાં દેવીદાસ
વાસ વડોદરામાં રે' છે વીવા વિગતે કરીને કહે છે
જે કોઈ ઇશ્વર વીવા સાંભળશે તેનાં પ્રાયશ્ચિત સઘળાં બળશે
જે કોઇ નરનારી સાંભળશે, તેનાં દેહનાં પ્રાયશ્ચિત ટળશે.

## (૩૦) અંબાજીનો છંદ.

ગુરૂ ગણપતીને લાગુ પાય રે મા, અંબાજી ગરબેં ઘુમે છે.
સારદાજી થાજો મુને સાય રે મા અંબાજી૦
રમે તેવતેવડી જોગમાયા રે મા અંબાજી૦
તેને નામે પાવન થાય કાયા રે મા અંબાજી૦
માયે કીધા સોળે શણગાર રે મા અંબાજી૦
થાય રમતાં તે થૈ થૈકાર રે મા અંબાજી૦
રચ્યો આનંદ વનમાં રાસ રે મા અંબાજી૦
નાચે બ્રહ્મા વિશ્નુ મહેશ રે મા અંબાજી૦
માયે પહેરી પટોળી સાડી રે મા અંબાજી૦
પેહેર્યા હીરા મોતીના હાર રે મા અંબાજી૦

માને ગરબે ઘુઘરમાળ રે મા — અંબાજી૦
નાચે ખુંદે ને કરે બહુ તાળ રે મા — અંબાજી૦
ફરે કુદડી ને છંદ બહુ ગાય રે મા — અંબાજી૦
કાને કુંડળ ને કનકના તાંત રે મા — અંબાજી૦
માના રેખે જડીત્ર રાતા દાંત રે મા — અંબાજી૦
મુખ કમળ તણે અંકુર રે મા — અંબાજી૦
થાયે અખંડ ઝાકઝમાળ રે મા — અંબાજી૦
છંદમાંહે કરે છે કલોલ રે મા — અંબાજી૦
નવ દીન રમે નવ રાત રે મા — અંબાજી૦
ભાવે રમે છે બહુચર માત રે મા — અંબાજી૦
ગાન તાન ને કુદડી ફેર રે મા — અંબાજી૦
ઝાંઝર વાગે ને જુગતે ગાય રે મા — અંબાજી૦
માયેં ધરીયું રૂપ અનુપ રે મા — અંબાજી૦
માને શેવે મોટા મોટા ભુપ રે મા — અંબાજી૦
વેદ પુરાણે તુને પ્રમાણી રે મા — અંબાજી૦
ઇંદ્ર પાસે થઇ ઇંદ્રાણી રે મા — અંબાજી૦
પરીબ્રહ્મની છો પટરાણી રે મા — અંબાજી૦
માજી બ્રહ્મા પાસે બ્રહ્માણી રે મા — અંબાજી૦
થઇ નવલા રંગની રેલ રે મા — અંબાજી૦
માજી ખેલે નવા નવા ખેલ રે મા — અંબાજી૦
દેવ તેત્રીશ કોટી આવેલ રે મા — અંબાજી૦
માનો મહીમા કહું શું મોટો રે મા — અંબાજી૦

રૂદે ખરૂં માનો નથી ખોટો રે મા — અંબાજી૦
બ્રહ્માંડનો ગરબો કીધો રે મા — અંબાજી૦
રમવાને શીરપર લીધો રે મા — અંબાજી૦
સપ્ત પાતાળનું કોડીયું કીધું રે મા — અંબાજી૦
રક્ત બીજનું રૂધીર પીધું રે મા — અંબાજી૦
મેરૂ પરવતની વાટજ કીધી રે મા — અંબાજી૦
સાત સાયર તેલ પુલેલ રે મા — અંબાજી૦
મળ્યાં સરખે સરખીનાં જુથ રે મા — અંબાજી૦
માની શોભા બની અદભુદ રે મા — અંબાજી૦
માજી મહેર કરો વા'રે આવી રે મા — અંબાજી૦
દાસ શીવરામ ગરબો ગાયે રે મા — અંબાજી૦
ગાયો સંવત અઢાર પાંત્રીસે રે મા — અંબાજી૦
શુભ ચૌદસ ને બુધવારે રે મા — અંબાજી૦

## (૩૧) "મથુરામાં શ્રીકૃષ્ણ પ્રકટયા."

મથુરામાં શ્રીકૃષ્ણ પ્રકટયા રે. વાસુદેવ દેવકીને ઘેર આવ્યા,
ત્યાં વા'લે નારદને તેડાવ્યા, નારદજીએ કંસને ઉપદેશ દીધો,
દેરા વાલે ગોકુળમાં દીધા રે. — મથુરામાં૦

કન્યા એક આકાશે ઉડી રે, આકાશમાં અચંબો એવો રે થયો,
કંસ તો સામું જોઇને રહ્યા, વેરી તારો ગોકુળમાં ગયો રે. મ૦

ઘેર ઘેર આનંદ ઓછવ થાય, ઘેર ઘેર માનુની મંગળ ગાય
જાદવ સરવે જોવા જાય, આરતી ઉતારે જસોદા માય. — મ૦

આવ્યું કંસતણું તેડું, ગોપી કહે નહી મેલું કેડે,

તમે મારા રૂઢીયા ઉપર રથ ખેડો, સાથે હરી હળધરને તેડારે.
મથુરામાં૦
પ્રથમ વા'લે કેશરી દૈત્યને માર્યો, અગાસુર બગાસુરને માર્યા,
પછી મારી પુતનાને સંહારી, કંસ તો મનમાં રહ્યો વિચારી મ.
બ્રહ્મા વાછરૂ હરીને જાય, બાર બાર મેઘને બોલાવા જાય,
ઇંદ્ર કોપે બહુ ભરાય, ગીરીવર ગોકુળ ઉપર ધાર્યો. મ૦
રેણુ શરદ તણી અતી સારી, તેડાવી વૃજતણી સૌ નારી,
અંગમાં આનંદ ઉપજ્યો ભારી, રાસમાં પધાર્યા ગીરીવરધારી.
મથુરામાં૦
વાલે મારે છ મહિનાની કીધી રાત, ગોપીયુંને તેડી રમાડી રાસ
તે તો હતા પ્રભુના દાસ, શોભા જોઇને કહે હરિદાસ. મ૦

## (૩૨) આદ્યશક્તિનો ગરબો.

આદ્ય શકત તુજને નમું હો બૌચરી ગણપત લાગું પાય.
પ્રસન્ન થાઓને પરમેશ્વરી હો બૌચરી, ગુણ તમારા ગવાય.
શાસ્ત્ર પુરાણ સમજું નહિ હો બૌચરી, લઉં તમારો ભેદ.
સંખનપુર ગામ સોહામણું હો બૌચરી, ત્યાં રે તમારો વાસ.
માન સરોવર ઝીલતાં હો બૌચરી, કરતાં તે લીલા વીલાસ.
જે નર આવે તારે શરણે હો બૌચરી, પુરો તેની તમે આશ.
પ્રથમ ચરીત્ર તમે કર્યાં હો બૌચરી, માર્યો તે મહિષાસુર.
શુંભ નિશુંભ હાથે હણ્યા હો બૌચરી, રકત ચલાવ્યાં બહુ પુર
ઘોડીમાંથી ઘોડો કર્યો હો બૌચરી અસ્રીમાંથી પુરૂષ.

માર્યા તે મરઘા બોલાવીયા હો બૈચરી, દૈતનું તું અંકુશ.
એવાં ચરીત્ર બહુ કર્યાં હો બૈચરી મુગલ તણા ઘટમાંયે
ચોસઠ બેની મળી સામટી હો બૈચરી, માન સરોવર જાય.
સર્વેએ મળી કીધી સ્થાપના હો બૈચરી, ઠેરાવ્યું બૈચર નામ.
હોમ હવન ઘણા થાય છે હો બૈચરી, હૈડે રાખીને હામ.
બ્રહ્માજી વેદ ભણે છે હો બૈચરી, શ્રીફળ ઘણાં હોમાય.
બ્રાહ્મણ જમે ને માને ગમે હો બૈચરી, આનંદ ઉત્સવ થાય.
સંવત સતર નવલોતરો હો બૈચરી, ઉત્તમ આશો માસ.
ગરબો ગાયો ગુજરાતમાં હો બૈચરી, માનું છે મંડળ ખાસ.
રણછોડીયાને કૃપા કરો હો બૈચરી, ગુણ તમારા ગવાય.

## (૩૩)અંબા માતાની ગરબડી રે.

સરસ્વત સ્વામીને વિનવુંરે ગણપત લાગું તમને પાયંરે અંબા માતાની ગરબડીરે. ટેક.
મધ્યે બીરાજે માની માંડવીરે, કે ચોય દશે દીપકનો ઝળકારરે.
ગોકુળ ગામ સોહામણુંરે, રૂડાં જમનાજીનાં નીરરે. અં૦
ગોપી ગોવાલણ ટોળે મળીરે, વચમાં રમે રાધાજી નારરે. અં૦
રૂડાં જમનાં જળ સોહામણાંરે કોયલ મોર કરે ટહુકારરે. અં૦
રમવાને રાધાજી આવીયાંરે, સાથે સામળીઓ ભગવાનરે અં૦
મોર મુગટ પેર્યા સોહામણાંરે, રૂડાં કુંડળ ઝળકે કાનરે. અં૦
તુળસી માળા તે કંઠે ધરીરે, શોભે ગળે ગુંજાનો હારરે. અં૦
પેહેર્યાં પીતાંબર અતિ શોભતાંરે, તમે છો જગત તણા પ્રતિપાલરે.

રાધા રૂપ સોહામણુંરે, રૂડા સુંદર શોભે શ્યામરે. અં૦
ચરણા ચોળી ને ચુંદડીરે, માનો કમખો નીલી ભાતરે. અં૦
બાંયે બાજુબંધો બેરખારે, રૂડા દશે આંગળીએ વેઢરે. અં૦
પાયે નેપૂર ઘુઘરારે, રૂડો ઝાંઝરનો ઝમકારરે. અં૦
મોહન વગાડે રૂડી વાંસળીરે, સર્વે ગોપીયું લે છે હીંચરે. અં૦
તાન મીલાવે સૌ ટોળે મળીરે, રૂડા સરણાયુંના સોરરે અં૦
ઢોલ દદામાં વાગે દુંદભીરે, તાલ મૃદંગના છે ઝણકારરે. અં૦
ફરતો ફેર ફીધો ઘણોરે, ત્યાં રમે છે વૃજની નારરે. અં૦
શોભા સુંદરીની હું શું કહું રે, જેનો કોઈ ન પામે પારરે અં૦
મારી મુંઢ મતી છે અતિ ઘણીરે, તમે કરો સેવકને કરૂણાયરે૦
માના મંડપનો મહીમા ઘણોરે, જોવા આવ્યા છે કાંઇ ઇશરે૦
ઇંદ્ર બ્રહ્માદીક જોવા આવીયારે, સૌએ આવી નમાવ્યું શીશરે૦
આ ગરબી છે અંબા માતનીરે, ગીરધર ઘુમેને ગરબો ગાયરે.
જે કોઇ ગાય શીખે ને સાંભળેરે, તેની અંબા પુરે આશરે. અં.

## (૩૪) ચાર વર્ણના ધર્મ.

પ્રથમ ધ્યાન ગુરૂ ચરણનું ચિત્તે ધરૂં રે લોલ,
જન્મ મરણના સમુદ્રને સુખે તરૂં રે લોલ.
નિત્ય સદગુરૂ શિરછત્ર બિરાજી રહો રે લોલ,
એક પ્રશ્ન કરૂં તે કૃપા કરી કહો રે લોલ.
ચાર વર્ણ ઉત્પન્ન કયાં થકી થયાં રે લોલ,
તેનાં કર્મ શાસ્ત્રમાં શું વર્ણવી કહ્યાં રે લોલ.

દયા નિધિ દીન જાણીને વાણી વદે રે લોલ,
સ્થિર ચિત્ત કરી શિષ્ય ધરજો હૃદે રે લોલ.
ગીતાધ્યાય ચોથે શ્લોક તેરમે કહ્યું રે લોલ.
પરિબ્રહ્મ મુખેથી અર્જુને લહ્યું રે લોલ.
ચતુર્વર્ણ હરિ કહે સરજ્યા અમે રે લોલ,
ગુણ કર્મથી વિભિન્ન જાણજો તમે રે લોલ.
તેનો કર્ત્તા થકો હું અકર્ત્તાજ છું રે લોલ,
મને જાણો નિર્લેપ નિર્વિકાર હું રે લોલ.
કહી એમ હરિ કહે પછી કર્મને રે લોલ,
અષ્ટદશામે અધ્યાય વર્ણ ધર્મનેરે લોલ.
શ્લોક બેતાલીશેથી ચુમાલીશમાંરે લોલ,
કહું જ્ઞાન તે પ્રમાદથી ભુલ્લીશમાં રે લોલ.
ધરે શમ, દમ, તપ, શૌચ, ક્ષમા ધર્મને રે લોલ.
જ્ઞાન, આર્જવ, વિજ્ઞાન ઇશ મર્મને રે લોલ,
એવા નવ ગુણો સ્વભાવથી જેમાં રહ્યા રે લોલ.
શ્રુતિએ વિચારી બ્રાહ્મણ તેને કહ્યા રે લોલ.
શુરપણું, તેજ, ધૈર્ય, દક્ષતા મતિ રે લોલ.
યુદ્ધમાંથી પાછાજ ફરતા નથી રે લોલ.
દાન ઈશ્વરની ભાવના સ્વભાવથી રે લોલ,
એવા સાત ગુણ ક્ષત્રિના વીવેકથી રે લોલ.
પશુ પાલન ખેતી ને વણજ કર્મ છે રે લોલ,
એ તો વૈશ્યના સ્વભાવથીજ ધર્મ છે રે લોલ.

સેવા કરવાને શુદ્ર વર્ણ સરજીઆરે લોલ.
સર્વ શુભ ગુણે રહિત નર તે થયા રે લોલ.
વળી સ્પષ્ટ કહું ગુહ્ય જે વિચાર છે રે લોલ,
દેહ બ્રહ્મણનો એક ભેદ ચાર છે રે લોલ.
જન્મ કાળ શુદ્ર સમ દેહને લઇએ રે લોલ.
સંસ્કાર થકી દ્વીજ તેહને કહીયે રે લોલ.
વેદ ભણે ત્યારે વિપ્ર તેને જાણીયે રે લોલ.
બ્રહ્મ જાણે તેને બ્રાહ્મણ વખાણીયે રે લોલ.
ગુરૂ શાસ્ત્ર અનુભવેથી વિચારતાં રે લોલ.
શ્રુતિ સ્મૃતિ વાકય યુકિત થકી ધારતાં રે લોલ.
ગુણ કર્મ કરી ઊંચ નીચ જાણીયે રે લોલ,
આત્મ ભાવ જોતાં એકતા પ્રમાણીએ રે લોલ.
એમ જાણી અભિમાન સહુ ટાળજો રે લોલ,
કામ, ક્રોધ, મોહ, મત્સરને મારજો રે લોલ.
વર્ણ આશ્રમના ધર્મ શુદ્ધ પાળીએ રે લોલ.
સદ્ગુરૂ સમક્ષ શાસ્ત્રને વિચારીએ રે લોલ.
કરી કર્મ, ધર્મ, વૈર નવ આણીયે રે લોલ,
ફળ પ્રાપ્તિકાજ મતિ નવ તાણીએ રે લોલ.
ઇષ્ટ લાભ થકી હર્ષ આણીએ નહીં રે લોલ.
કદી હાનિ થયે શોક જાણીએ નહીં રે લોલ.
સુખ દુઃખ આદિ ધર્મ દેહના કહીએ રે લોલ.
તેને જાણનાર આપણે જુદા થઈએ રે લોલ.

ગુરૂ શરણુ રહી એ વિવેક જાણુશે રે લોલ.
તેતો જીવતાંજ મુક્તિ સુખ માણુશે રે લોલ.
ગુરૂ વિશ્વનાથ સદા શિર ઉપરે રે લોલ.
અલ્પ બુદ્ધિ વડે છંદ તે ડોસો કહે રે લોલ.

## (૩૫) "ગાવડી લાવો ગોતી"

ગાવડી લાવો ગોતી મારા વા'લા
ગાવડી લાવો ગોતી રે.
નંદના ગોવળીયા તમને ભળાવું;
કેમ કો'છો ગા નો'તી રે
કેમ કો'છો ગા નો'તી મારા વા'લા. ગાવડી૦
આંખે છે આંઝણી ને મોઢે છે મુંઝણી,
હીરા સફેદ ગા હોતી રે. (૨). ગાવડી૦
હાથમાં છે ચુડલો ને ગોઠણે છે ઘોણીયો,
લાડે કોડે ગા હોતી રે. (૨). ગાવડી૦
નવલાખ ધેનુ બાવા નંદ ઘીરે દુઝે,
દુ:રે વલોણે વલો'તી રે. (૨). ગાવડી૦
ગોકુલ ઢુંઢયું વનરાવન ઢુંઢયું,
જમના કીનારે ગા હોતી રે. (૨) ગાવડી૦
નરસીના સ્વામી રે સામલીયા,
ગાવડી લાવ્યા ગોતી રે.
ગાવડી લાવ્યા ગોતી મારા વાલા
ગાવડી લાવ્યા ગોતી રે.

## (૩૬) પ્રલ્હાદનો ગરબો.

પુજું ગણુપતીને હું તે ઘણી પ્રીતશું રે લોલ૦
શુદ્ધ બુદ્ધ વાણી આપો રૂડી રીત શું રે૦
સરસ્વતીજી કૃપા તે હવે કીજીયે રે૦
દાસ જાણીને વાણી હવે દીજીયે રે૦
ગાઉં ગરબો પ્રહ્લાદતણો ખાંત શું રે૦
વાણી પૂર્ણ કરજો તે ભલી ભાત શું રે૦
રૂષિ કશ્યપનો પુત્ર હીરણ્યકશ્યપુ રે૦
તે તો દુષ્ટ દાનવ કેરો અંશ છે રે૦
મહા તપ તે ઉગ્ર તેણે માંડીયું રે૦
ધ્યાન બ્રહ્મા તણું તે મનમાં ધર્યું રે૦
તપ કરતાં તે કાલ કેટલો ગયો રે૦
તેને મસ્તકે ઉંચેરો દર્ભ ઉગીયો રે૦
શ્રવણ સુધરીયે ઠીક માળા ઘાલીયા રે૦
એક ચિતે વીરંચીને આરાધીયા રે લોલ
ચૌદ લોક ને ઇંદ્રાસન ડોલાવીયાં રે૦
વરદાન દેવા વીરંચી ત્યાં આવીયા રે૦
કરી કૃપા ને અસુરને બોલાવીયો રે૦
માગ્ય માગ્ય પ્રસન્ન તુજને થયો રે૦
એવો શબ્દ બ્રહ્માએ મુખથી કહ્યો રે૦
હીરણ્યકશ્યપે તે નેત્ર ઉઘાડીયાં રે૦
કર જોડી બ્રહ્માને પાયે લાગીયો રે૦

હીરણ્યકસ્યપે વરદાન કેવાં માગીયાં રે૦
મારૂં મૃત્યુ નહિ થાય ઘર બારણે રે૦
નર નારીયે મૃત્યુ નહિ માહરૂં રે૦
નિશ દિને મૃત્યુ નહિ માહરૂં રે
મારૂં મૃત્યુ નહિ તે લોઢે લાકડે રે૦
એવાં વરદાન બ્રહ્માએ ત્યાં આપીયાં રે૦
બલ આપી અવીચલ કરી થાપીઓ રે૦
વરદાન પામી અસુર ઘેર ચાલીયો રે૦
દેશો દેશના રાજાને નમાવીયા રે૦
જે કોઇ પ્રભુના નામને સંભારશે રે૦
તેને હાથે હરણ્યાકંસ મારશે રે૦
એવી આણ વરતાવી છે આપની રે૦
જે કોઇ પ્રભુના નામને વિસારશે રે૦
તેની પ્રતમા હરણ્યાકંસ પાલશે રે૦
તેનો પુત્ર પ્રહલાદ કેવો થયો રે૦
હરી ભકતમાં અધીક તે વખાણીયે રે૦
તેને ભણવાને નીશાળે બેસાડીયો રે૦
પ્રહલાદે વિચારી ગુરૂ વિનવ્યા રે૦
મુને અક્ષર ભણાવો રામનામના રે૦
બીજા અક્ષર નથી તે મારા કામના રે૦
સુણી વચન પંડયો ત્યાંથી ચાલીયા રે૦
હીરણ્યાકંસને સમાચાર આપીયા રે૦

શામ નામ જપે છે પુત્ર તાહરો રે૦
એમાં વાંક નથી કાંઇ માહરો રે૦
વાત સાંભળીને ક્રોધ ઘણો આપીયો રે૦
પ્રહલાદને તેડાવી ત્રાસ આપીયો રે૦
રામ નામ વિસારી પુત્ર દીજીયે રે૦
મારા શત્રુ તણું નામ નવ લીજીયે રે૦
રાજગાદી ને સુખ ભોગવો ઘણાં રે૦
દ્રવ્ય માલ ભંડાર સરવે તુજ તણા રે૦
રાજ્ય આસન નથી તે મારા કામનાં રે૦
હીરણાકંસે તે ક્રોધ ચડાવીયો રે૦
મેહેલ માથેથી પુત્રને પછાડીયો રે૦
ત્યાં દાસ પ્રહલાદ પાછો આવીયો રે૦
મહાં જલમાં બાંધીને જંપલાવીયો રે૦
જુગદીશે તે રક્ષા જલમાં કરી રે૦
પાછો પુત્ર પ્રહલાદ ધીરે આવીયો રે૦
મહા અગ્નિ વચ્ચે લઇ નાંખીયો રે૦
પરિબ્રહ્મે ઉગારી તેને રાખીયો રે૦
હસી રમી પાછો બારણે આવીયો રે૦
લોહ થંભ બહુ ધગાવીયો રે૦
ફરી ક્રોધ ને પુત્રને બોલાવીયો રે૦
લે બાથ નહિ તો મારૂં હવે તુજને રે૦
તારો નાથ દેખાડ હવે મુજને રે૦

બાથ લેવા પ્રહલાદ પાસે ગયા રે૦
સ્થંભ ફાટયો ને નાથ પ્રગટ થયા રે૦
નરસિંહ રૂપ ધર્યું વિકરાળ છે રે૦
એ તો દુષ્ટ દાનવ કેરો કાળ છે રે.
રૂપ દેખીને ચૌદ લોક થરથરે રે૦
મહા દુષ્ટ દાનવ મનમાં ડરે રે૦
નરસિંહ રૂપ જેમ મેઘ ગર્જીયો રે૦
બલ દેખી હરણ્યાકંસ ભાગીયો રે૦
મારી લાત ને ઉંબરે પછાડીયો રે૦
નખ આયુધ ધરીને રૂદે ફાડીયો રે૦
રવિ અસ્ત થયો ને અર્ધ બારણે રે૦
એવો સમો વર્ત્યો છે વર કારણે રે૦
વૈકુંઠે તે જીવને પહોંચાડીયો રે૦
દેવ સર્વે આવીને સ્તુતી કરે રે૦
નરસિંહ બેઠા ત્યાં પ્રતિ ઘણું રે૦
ચૌદ લોકનાં દુઃખ સરવે ભાંગીયા રે૦
દેવતાના દુંદભી ઘણાં વાગીયાં રે૦
ત્યાં પુષ્પની વૃષ્ટિ થાય છે રે૦
જય જય નરસિંહની કે'વાય છે રે૦
જે કોઇ નરસિંહના રૂપને સંભારશે રે૦
ભવસાગરના ભયથી ઉગારશે રે૦
સવંત અઢાર શાકે એકાણુવો રે૦

માસ માગશર ઉત્તમ વખાણુવો રે૦
કૃષ્ણ પક્ષે તે શામ શશી તીથી રે૦
બુદ્ધવારે બુધ એ કહું કથી રે૦
વિપ્ર સામજીનો સુત ગરબો ગાય છે રે૦
જોશી પ્રેમજીના મુખથી કે'વાય છે રે૦

## (૩૭) નિર્ગુણુ નામનો છંદ.

ગરબો ગાઇયે તે નિર્ગુણુ નામનો રે લોલ૦
જે કોઈ શ્યામ છે આકામ ને સકામનો રે૦
આપે ચૈતન ઘન વ્યાપક અપાર છે રે૦
ચૌદ લોકમો આધાર નિરાધાર છે રે૦
જેની શકિતયો અનંતને અનૂપ છે રે૦
એક ઇચ્છા શકિત તે ત્રિગુણુ રૂપ છે રે૦
તેથી શિવ વિષ્ણુ વિરંચી પેદા થયા રે૦
રચી વિશ્વ સકળ માંહે તે વ્યાપી રહ્યા રે૦
ગુણુ કામ ભેદ થકી નામ ત્રણુ છે રે૦
એક ચૌદ લોક વ્યાપક ચૈતન્ય છે રે૦
તેણે ઇચ્છાએ અનંત સૃષ્ટિ આદરી રે૦
બહુ નાટક રમવાને રચના કરી રે૦
દેવ, દનુજ, મનુજ, પશુ આદિ પૂતળાં રે૦
પુણ્ય પાપ તણા સૂત્ર વિષે સુતળાં રે૦
પામી દેહ અભિમાન વડે ફુલીયાં રે૦
સૂત્રધાર નાથ હૃદય થકી ભૂલીયાં રે૦

એક વ્યાપક ચૈતન્ય સાર વેદનું રે૦
જાણી ધ્યાન ધરે ચૈતન્ય અભેદનું રે૦
નિજ રૂપ લહી ઈશ સૃષ્ટિમાં ફરે રે૦
જીવનમુક્ત મનોહર નવ ભય ધરે રે૦

## (૩૮) શીવશકિતની આરતી.

જે આદ્યાશકિત મા જે આદ્યા શકિત—
અખંડ બ્રહ્માંડ નિપાવ્યાં (૨), પડવે પંથક મા. જયો૦
દ્વિતિયા બે સ્વરૂપ, શિવશક્તિ જાણું મા શિવ૦
બ્રહ્મા ગણપતી ગાઉં (૨), હર ગાઉં હરી મા. જયો૦
તૃતિયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠાં મા ત્રિભુ૦
ત્રયસ્થકી તરવેણી (૨) તું તરવેણી મા. જયો૦
ચોથ ચતુરા મહાલક્ષ્મીજી, સચરાચર વ્યાપ્યાં;
ચાર ભુજા ચો દિશા (૨), પ્રગટયાં દક્ષિણમાં. જયો૦
પંચમી પંચ રૂષી, પંચમા ગુણ પદમાં મા પંચ૦
પંચ સહસ્ત્ર ત્યાં સોહીયે (૨), પંચે તત્વે મા. જયો૦
ષષ્ટિ તું નારાયણી, મહિષાસુર માર્યો મા મહિ૦
નર નારીને રૂપે (૨) વ્યાપ્યાં સઘળે મા. જયો૦
સપ્તમી સપ્ત પાતાળ, શોવી ત્રી સંજ્ઞા મા શોવી૦
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા. જયો૦
અષ્ટમી અષ્ટ ભુજા નંદા આનંદા મા નંદા૦
સુરીનર મુનીવર જનમ્યા (૨) દેવ દૈત્યો મા. જયો૦

નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા મા સેવે૦
નવરાત્રિનાં પુજન (૨), કીધાં છે બ્રહ્મા. જયો૦
દશમી દશ અવતાર, જય વિજયા દશમી મા જય૦
રામે રામ રમાડયા (૨), રાવણ રોળ્યો મા. જયો૦
એકાદશી અગિયારસ, કાત્યાયની કામા મા કા૦
કામદુધા કાળિકા (૨), શામા ને રામા. જયો૦
બારસે બાળા રૂપ, બહુચરી અંબા મા બ૦
બટુક ભૈરવ સોહીયે (૨), તે પણ છે તારા. જયો૦
તેરસે તુળજા રૂપ ત્ર્યંબકા રૂડી અંબે મા ત્ર્ય૦
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતા જયો૦
ચૌદશે ચંચળ રૂપ. ચંડી ચામુંડ. મા ચંડી૦
ભક્તિ ભાવ કરી આપો (૨) સિંહુ વાહની માતા. જયો૦
પુનમે પુન્ય ભરી સ્થંભાવી નગરી મા સ્થંભા૦
માર્કંડેયે વખાણ્યાં (૨), ગાયે શુભ કવિતા જયો૦
સંવત સત્તાવન, સોળે તિથી ભાવે મા સોળે૦
સંવત સોળે પ્રગટયા (૨). રેવાને તીરે. જયો૦
શિવ શક્તિની આરતી, મા જે ભાવે ગાશે મા જે૦
ભણે શિવાનંદ સ્વામી (૨), સુખ સંપત થાશે. જયો૦

## હરિગીત.

કો'યે મિત્ર રૂપે પ્રભુને પેખી અંતર અર્પિયાં,
કો કો કવિ કે ભક્તને માતા રૂપે ભજવાં ગમ્યાં;
જે દેવમાં પ્રીતિ અધિક તેની કરો ઉપાસના,
બીજાય પણ એકજ સ્વરૂપે ગણી ધરો શુભ ભાવના.
શિવ શક્તિ ગણપતિ સૂર્ય વિષ્ણુ પંચ દેવ પ્રમાણવા,
દક્ષિણ માર્ગ ગ્રહી રુડા આચારથી આરાધવા;
ભાવે ભજો તે જગતજનની, વિષ્ણુ, શિવ સૌ એક છે,
જેણે સ્વભક્તો કાજ ધરીયાં નામ રૂપ અનેક છે.
મ્હાદેવ ને તેની સ્વશક્તિ પાર્વતી જુદાં નહિ,
ત્યમ દેવ માત્ર સ્વશક્તિથી કદિ થૈ શકે જુદા નહિ;
જો નામ રૂપ જુદાં ગણ્યાં પણ તત્ત્વ તો તે એક છે,
મન, વાણિ, કર્મે શુદ્ધ રે'વું એજ ધર્મ વિવેક છે.
ભક્તિ, રૂચિ, અધિકારથી રતિ રાખતા જન ઇષ્ટમાં,
જેવો રહે ઉર ભાવ, અંતે સિદ્ધ થાય અભીષ્ટમાં;
નદીઓ અનેક વહી વહી જ્યમ સાગરે શમી જાય છે,
ત્યમ ભક્તિમાનો વિવિધ પંથે કેશવે લય થાય છે.

આ ચોપડી નીચેને ઠેકાણેથી મળશે.

મનોહર પ્રેસ—બંદર રોડ, કરાચી.

જેશંકર માધવજી વ્યાસ જોડીઆ બજાર
કરાચી.

કરાચીના જાણીતા બુકસેલરો પાસેથી.

નવરાત્રીમાં—

શેઠ જશરાજ વાલજીવાળાં શ્રી બળદેવજીનાં મંદીરમાં ગરબીમાંથી.

કુંડા પાસેની ગરબીમાંથી.

રામસ્વામી ગાડીખાતાની ગરબીમાંથી.